

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 322
Dt.: 27-09-2025,
Saturday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


### ૧૯૬૫, ૭૧, ૯૯ના યુદ્ધમાં દુશ્મનોને ભોંયભેગા કર્યા હતા

# એક યુગનો અંત, ભારતીય વાયુસેનાનું વિશ્વસનીય સાથીદાર મિગ-૨૧ રિટાયર્ડ



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય વાયુસેનાનું સૌથી શક્તિશાળી લડાકૂ વિમાન રહેલું મિગ-૨૧ આજે એટલે કે ૨૬ સપ્ટેમ્બરના રોજ સેવામુક્ત થઈ ગયું છે. આ વિમાન ભારતના પ્રથમ સુપરસોનિક લડાકૂ વિમાન તરીકે જાણીતું છે, જેણે ૧૯૬૫, ૧૯૭૧ અને ૧૯૯૯ના યુદ્ધોમાં પાકિસ્તાનીઓના દિલમાં ભય પેદા કર્યો હતો. રસપ્રદ વાત એ છે કે, આ ફ્લાઈંગ મશીને પોતાની સેવાના અંતિમ તબક્કામાં પણ પાકિસ્તાનની શાન ગણાતા એફ-૧૬ લડાકૂ વિમાનનો શિકાર કર્યો હતો. ચંદીગઢમાં યોજાયેલા એક કાર્યક્રમમાં મિગ-૨૧ને અંતિમ વિદાય આપવામાં આવી હતી.

સેવામુક્ત થવાના સમારોહમાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ ભારતીય વાયુસેનાના મિગ-૨૧ લડાકૂ વિમાનના કાફલાને વિદાય આપવા માટે હાજર રહ્યા હતા. તેમની સાથે સીડીએસ જનરલ અનિલ ચૌહાણ, સીઓએએસ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી અને સીએનએસ એડમિરલ દિનેશ કે ત્રિપાઠી પણ હાજર હતા.

મિગ-૨૧ લડાકૂ વિમાનના કાફલાને સેવામુક્ત કરતા પહેલા, વિંગ કમાન્ડર રાજીવ બત્તીશ (નિવૃત્ત) એ સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહની હાજરીમાં કહ્યું હતું કે, મિગ-૨૧નો ઈતિહાસ ખૂબ લાંબો છે અને આટલી મોટી સંખ્યામાં લોકોનું એકઠા થવું એ સાબિત કરે છે કે આપણે સૌ આ વિમાન સાથે ભાવનાત્મક રીતે જોડાયેલા છીએ.

વિંગ કમાન્ડરે કહ્યું કે, જ્યાં સુધી ભારતનો સવાલ છે, લડાકૂ વિમાનોમાં સૌથી વધુ ઉડાન ભરવામાં આવી હોય તેવા વિમાનોમાં મિગ-૨૧ અગ્રણી છે. તે ખૂબ જ શક્તિશાળી વિમાન હતું, જે મોટાભાગે પૂર્વી બ્લોકના દેશો દ્વારા ઉડાડવામાં આવ્યું હતું. મિગ-૨૧ એક શાનદાર મશીન હતું અને તેનો પુરાવો એ છે કે દેશભરમાંથી અને વિદેશોમાંથી પણ આટલા બધા લોકો વિમાનને અલવિદા કહેવા અહીં આવ્યા છે.

આજે ૬૩ વર્ષની સેવા પૂરી થયા બાદ આ લડાકૂ વિમાનોને સેવામુક્ત કરવામાં આવ્યા. મિગ-૨૧ વિમાનોને ૧૯૬૩માં ભારતીય વાયુસેનામાં સામેલ કરવામાં આવ્યા હતા અને સેવામુક્ત થતાં પહેલાં તેમણે છેલ્લી વાર ઉડાન ભરી હતી.

ભારતીય વાયુસેના દ્વારા સંચાલિત છેલ્લા છ મિગ-૨૧ ફાઈટર (બાઈસન વેરિયન્ટ્સ) વિમાનોએ ૨૬ સપ્ટેમ્બર, શુક્રવારના રોજ ચંદીગઢમાં અંતિમ ઉડાન ભરી. આ ઘટનાએ ભારતના લશ્કરી ઈતિહાસના સૌથી લાંબા અને સૌથી વીરતાપૂર્ણ અધ્યાયોમાંનો એક અધ્યાય પૂરો કર્યો. ૧૯૬૩માં પ્રથમ વાર સેવામાં આવ્યા બાદ ૧૨૦૦થી વધુ મિગ-૨૧ વિમાનોએ ભારતની આકાશી સરહદોનું રક્ષણ કર્યું હતું અને ૧૯૬૫, ૧૯૭૧, અને ૧૯૯૯ કારગિલ જેવા યુદ્ધો તથા ૨૦૧૯ની બાલાકોટ એરસ્ટ્રાઈકમાં સક્રિય ભૂમિકા નિભાવી હતી.

૧૯૫૪માં મિકોયાન-ગુરેવિચ દ્વારા ડિઝાઈન કરાયેલું મિગ-૨૧ દુનિયાનું સૌથી વધુ પ્રચલિત સુપરસોનિક ફાઈટર વિમાન બની ગયું હતું. ૬૦થી વધુ દેશોની વાયુસેનાઓમાં તેનો દબદબો હતો. ૧૯૬૨ના ભારત-ચીન યુદ્ધ પછી વાયુસેનાની ક્ષમતા વધારવાના ભાગરૂપે ભારતે ૧૯૬૩માં સોવિયેત યુનિયન સાથે કરાર કરીને પહેલા ૧૩ નંગ મિગ-૨૧ (MiG-21F-13s) વિમાનોની ખરીદી કરી હતી. આ વિમાનોની તાલીમ માટે ચંદીગઢમાં પહેલું સ્કવોડ્રન તહેનાત કરવામાં આવ્યું હતું. ૧૯૬૬ થી ૧૯૮૪ દરમિયાન, ભારતે વિવિધ મોડેલના કુલ ૮૭૪ વિમાનોની આયાત કરી હતી અને નાસિક સ્થિત 'હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ' (HAL) ખાતે તેનું લાઈસન્સ-નિર્માણ પણ શરૂ કર્યું હતું. મિગ-૨૧ને ઉડાડનારા પાયલટ્સ માટે તે કેવળ એક વિમાન નહોતું, પણ એક વિશ્વસનીય સાથી હતું. તેની મહત્તમ ગતિ મેક ૨ (અવાજની ગતિ કરતાં બમણી) અને ૧૮,૦૦૦ મીટર (૫૯,૦૦૦ ફૂટ) સુધી પહોંચવાની ક્ષમતા તેને એક ઘાતક ઈન્ટરસેપ્ટર બનાવતી. મિગ-૨૧ની કોકપિટની ડિઝાઈન આરામદાયક નહોતી. રશિયાના ઠંડા હવામાનને ધ્યાનમાં રાખીને બનાવેલી એર-કન્ડીશનિંગ સિસ્ટમ ભારતના ગરમ હવામાન માટે અપૂરતી હતી, જેના કારણે ઓછી ઊંચાઈએ ઉડાન દરમિયાન કોકપિટમાં પાયલટને ખૂબ ગરમી લાગતી.

મિગ-૨૧ની સૌથી શાનદાર સફળતા ૧૯૭૧ના ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમિયાન જોવા મળી હતી. ઉપખંડના પહેલા સુપરસોનિક એર કોમ્બેટમાં ભારતીય વાયુસેનાના મિગ-૨૧એ હવામાં સર્વોપરિતા સ્થાપિત કરીને પાકિસ્તાની વાયુસેનાના (અમેરિકન બનાવટના) એફ-૧૦૪ સ્ટારફાઈટર વિમાન સહિત અનેક અન્ય ફાઈટર વિમાનોને તોડી પાડ્યા હતા. મિગ-૨૧ દુશ્મન દેશને એટલી હદે ભારે પડ્યા હતા કે એ પછી પાકિસ્તાને તેના બધા જ એફ-૧૦૪ વિમાનોને યુદ્ધક્ષેત્રથી દૂર કરી દીધા હતા. મલ્ટિ-રોલ મિગ-૨૧એ હવાઈ કરતબો કરવા ઉપરાંત રાત્રિ સમયે ઓછી ઊંચાઈએ ઉડાન ભરીને પાકિસ્તાની જમીન પર હુમલા કરવામાં પણ નિર્ણાયક ભૂમિકા ભજવી હતી. સોવિયેત યુનિયન અને ભારત ઉપરાંત ચીન, ઈજિપ્ત, ઈરાક અને વિયેતનામ જેવા ઘણાં દેશોની વાયુસેનામાં મિગ-૨૧એ મહત્ત્વનું સ્થાન મેળવ્યું હતું. વિયેતનામની વાયુસેનાએ વિયેતનામ યુદ્ધ (૧૯૬૬-૧૯૭૨) દરમિયાન મિગ-૨૧ વડે ૧૬૫ અમેરિકન વિમાનોને તોડી પાડીને અમેરિકન વાયુસેનાના દાંત ખાટા કરી દીધા હતા.

સમય જતાં વૃદ્ધ થઈ ગયેલા મિગ-૨૧ અકસ્માતગ્રસ્ત થવા લાગ્યા. ૧૯૭૦ થી ૨૦૨૩ દરમિયાન, ભારતીય વાયુસેનાના ૪૮૨ મિગ-૨૧ ક્રેશ થયા, જેમાં ૧૭૦થી વધુ પાયલટ્સ અને ૪૦ નાગરિકોએ જીવ ગુમાવ્યા. મિગના અકસ્માતના મુખ્ય કારણો 'વિમાનની લેન્ડિંગ સમયની તેજ ગતિ', 'જૂની ટેક્નોલોજી' અને 'નવા વિમાનોની વિલંબિત ભરતી'ને ગણવામાં આવે છે. ઊંચા અકસ્માત દરને લીધે આ વિમાનને 'ફ્લાઈંગ કોફિન' (ઉડતી શબપેટી) જેવું બદનામીકારક ઉપનામ મળ્યું.

મિગ-૨૧ની નિવૃત્તિને લીધે ભારતીય વાયુસેનાના ફાઈટર સ્ક્વોડ્રનની સંખ્યા ૩૧ પર આવી ગઈ છે, જ્યારે કે આદર્શ સંખ્યા ૪૨ છે. આ ખાલીપો ભરવા માટે દેશની વાયુસેના પાસે હાલમાં સ્વદેશી તેજસ, ફ્રેંચ બનાવટના રાફેલ અને રશિયન સુખોઈ જેવા આધુનિક વિમાનો છે ખરા, છતાં કહેવું પડે કે ભારતના સૈન્ય ઈતિહાસમાં મિગ-૨૧ નો ફાળો અનન્ય છે. આ યુદ્ધવિમાને ભારત-રશિયા વચ્ચેના દાયકાઓ જૂના લશ્કરી સહયોગને મજબૂત બનાવ્યો છે. છ દાયકાથી વધુ સમય સુધી ભારતના આકાશી સીમાડાનું રક્ષણ કરનાર મિગ-૨૧ નું નામ દેશના વાયુસેનાના ઈતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત થઈ ચૂક્યું છે. ચંદીગઢમાં જ્યાં ૧૯૬૩માં પહેલું મિગ-૨૧ સ્ક્વોડ્રન તહેનાત થયું હતું, ત્યાં જ તેની છેલ્લી ઉડાનનું આયોજન કરીને ભારતે આ શૌર્યવાન યુદ્ધવિમાનને યથાયોગ્ય અંજલિ આપી છે.

## યુક્રેનના ડ્રોન હુમલા બાદ રશિયાનો ડીઝલ, પેટ્રોલની નિકાસ પર આંશિક પ્રતિબંધ

(સંપૂર્ણ સમાચાર સેવા) મોસ્કો,

યુક્રેને કરેલાં ભીષણ ડ્રોન હુમલાને પગલે રશિયાની ઓઈલ રિફાઈનરીઝને થયેલાં ભારે નુકસાનને પગલે રશિયાએ ચાલુ વર્ષના અંત સુધી ડીઝલ અને પેટ્રોલની નિકાસ પર આંશિક પ્રતિબંધ મુકવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણયથી ભારતની ઓઈલની આયાત પર અસર થવાની શક્યતા છે. રશિયાના નાયબ વડાપ્રધાન એલેક્ઝાન્ડર નોવાકે જણાવ્યું હતું કે, ડીઝલની આયાત પર આંશિક પ્રતિબંધ ઉપરાંત પેટ્રોલની નિકાસ પરનો વર્તમાન પ્રતિબંધ પણ વર્ષના અંત સુધી લંબાવવામાં આવ્યો છે.સૂત્રોના જણાવ્યાં અનુસાર, યુક્રેને કરેલાં અસંખ્ય ડ્રોન હુમલાંને પગલે રશિયન ઓઈલ રિફાઈનરીઓની રિફાઈનિંગ ક્ષમતા કેટલાંક દિવસોમાં ઘટીને લગભગ ૨૦ ટકા જેટલી થઈ ગઈ છે. આ ઉપરાંત મહત્વના બંદરોએથી થતી નિકાસમાં પણ મોટો ઘટાડો થયો છે. ઓઈલ રિફાઈનિંગની ક્ષમતામાં થયેલાં આ ઘટાડાને નહીંવત ગણાવતાં નોવાકે જણાવ્યું હતું કે, અછતને દૂર કરવા માટે સંગ્રહ કરાયેલાં પુરવઠાનો ઉપયોગ કરાઈ રહ્યો છે.

### ચૂંટણી ટાણે મહાગઠબંધનનું ટેન્શન વધાર્યું

## લાલુના દીકરા તેજ પ્રતાપ યાદવે નવો રાજકીય પક્ષ બનાવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)પટના,

બિહાર વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ ની હવે ગમે ત્યારે મતદાનની તારીખો જાહેર થવાની તૈયારી છે ત્યારે કોંગ્રેસ-રાજદના નેતૃત્વ હેઠળના મહાગઠબંધન માટે ચિંતાનો વિષય ઊભો થયો છે. રાષ્ટ્રીય જનતા દળ (રાજદ) ના પૂર્વ નેતા અને લાલુ પ્રસાદ યાદવના મોટા દીકરા તેજ પ્રતાપ યાદવે નવો રાજકીય પક્ષ બનાવવાની જાહેરાત કરી છે.

તેજ પ્રતાપની પાર્ટીનું નામ જનશક્તિ જનતા દળ છે. તેનું ચૂંટણી પ્રતીક બ્લેકબોર્ડ છે. તેજ પ્રતાપ યાદવે તેમના સત્તાવાર X હેન્ડલ પર ચૂંટણી પ્રતીક સાથે નવી પાર્ટીનું પોસ્ટર બહાર પાડ્યું છે.

તેજ પ્રતાપ યાદવે તેમના X હેન્ડલ પર તેમની નવી પાર્ટીનું પોસ્ટર અપલોડ કર્યું અને તેને કેપ્શન આપ્યું કે, હું અને મારી પાર્ટી બિહારના સંપૂર્ણ વિકાસ માટે પૂર્ણ રૂપે સમર્પિત છું. મારો અને મારી પાર્ટીનો હેતુ બિહારમાં સંપૂર્ણ બદલાવ માટે એક નવી વ્યવસ્થાનું નિર્માણ કરવાનો છે. જનશક્તિ જનતા દળ દ્વારા બિહારના સંપૂર્ણ વિકાસ માટે સંઘર્ષ કરીશું અને આગામી ચૂંટણીના મેદાનમાં ઉતરીને વિરોધીઓને ટક્કર આપીશું. તેજ પ્રતાપ યાદવે પોતાની પાર્ટી, જનશક્તિ જનતા દળ માટે જે પોસ્ટર લોન્ચ કર્યું છે તેમાં પાંચ મહાપુરુષોની તસવીરો છે: મહાત્મા ગાંધી, બીઆર આંબેડકર, રામ મનોહર લોહિયા, જય પ્રકાશ નારાયણ અને કર્પૂરી ઠાકુર. આ દરમિયાન, તેજ પ્રતાપ યાદવે નવી પાર્ટીની જાહેરાતથી રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી)માં ખળભળાટ મચી ગયો છે, કારણ કે તેમનો નવો પક્ષ તેજસ્વી યાદવને સીધો પડકાર ફેંકી રહ્યો છે, જે I.N.D.I.A એલાયન્સનો મુખ્ય મંત્રીનો ચહેરો છે. તેજ પ્રતાપ યાદવ ગઠબંધનના મતમાં વિભાજન કરી શકે છે. ટિકિટ ન મળવાથી નારાજ આરજેડી નેતાઓ અને ધારાસભ્યોને વિભાજીત કરીને તેઓ તેજસ્વી યાદવને પણ ફટકો આપી શકે છે. તેજ પ્રતાપની પાર્ટીને બિહારમાં કેટલું જન સમર્થન મળે છે અને તે બિહારના રાજકારણમાં કેટલી જગ્યા મેળવી શકે છે તે જોવાનું બાકી છે, પરંતુ તેજ પ્રતાપ યાદવ પરિવાર અને આરજેડી વચ્ચે તણાવને વધુ તીવ્ર બનાવી શકે છે.

### લેહ હિંસા મામલે રાષ્ટ્રીય સુરક્ષા કાયદા હેઠળ કાર્યવાહી

## પોલીસે કાર્યવાહી હાથ ધરતાં સોનમ વાંગચુકની ધરપકડ

(સંપૂર્ણ સમાચાર સેવા)લદ્દાખ

લદાખને રાજ્યનો દરજ્જો આપવાની માગ સાથે ભડકી ઉઠેલી હિંસા મામલે પોલીસે મોટી કાર્યવાહી હાથ ધરતાં સોનમ વાંગચુકની ધરપકડ કરી હતી. વહીવટીતંત્રે લદાખમાં રાજ્યનો દરજ્જોની માગ કરતા હિંસક આંદોલનમાં ચારના મોત બદલ સોનમ વાંગચુકને જવાબદાર ઠેરવ્યા હતા.

માહિતી અનુસાર સોનમ વાંગચુક બપોરે ૨:૩૦ વાગ્યે પ્રેસ કોન્ફરન્સ કરવાના હતા, પરંતુ તે પહેલાં જ પોલીસે તેમની ધરપકડ કરી લીધી.

ઉલ્લેખનીય છે કે ગુરુવારે, કેન્દ્રીય ગૃહ મંત્રાલયે ક્લાઈમેટ એક્ટિવિસ્ટ સોનમ વાંગચુક દ્વારા સ્થાપિત સ્ટુડન્ટ્સ એજ્યુકેશનલ ઍન્ડ કલ્ચરલ મૂવમેન્ટ ઑફ લદાખ (SECMOL)ના FCRA લાયસન્સને તાત્કાલિક અસરથી રદ કરી દીધું હતું. લદાખ માટે રાજ્યનો દરજ્જો અને બંધારણીય સુરક્ષાની માંગણી સાથે શાંતિપૂર્ણ આંદોલનનું નેતૃત્વ કરી રહેલા સોનમ વાંગચુકે પોતાની વ્યક્તિગત સલામતી અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી.

લદાખમાં થયેલી હિંસા બાદ સરકારે ક્લાઈમેટ એક્ટિવિસ્ટ સોનમ વાંગચુકના NGOનું FCRA લાયસન્સ રદ કરી વિદેશી ફંડિંગ પર રોક લગાવી છે.

આ મામલે હવે તપાસ પણ શરુ કરી દેવાઈ છે. જે બાદ વાંગચુકે કહ્યું છે કે સરકાર મારા જેવી નાની વ્યક્તિ પર તમામ દોષનો ટોપલો ઢોળવા માંગે છે. હું જેલ ગયો તો યુવાનો જાગી જશે.

વાંગચુકે કહ્યું, કે થોડા મહિનામાં લદાખમાં ચૂંટણી થવાની છે. લોકો સવાલ કરી રહ્યા છે કે જે વાયદા કર્યા હતા તે પૂર્ણ કરો. દોઢ મહિના અગાઉ મારા પર દેશદ્રોહનો કેસ કરાયો, હવે CBI તપાસની વાત થઈ રહી છે. ૨૦૨૨થી ૨૦૨૪ સુધી અમે FCRA લાયસન્સ નહોતું લીધું કારણ કે અમે વિદેશથી ફંડિંગ લેવા જ નહોતા માંગતા. અમને આવકવેરાની નોટિસ આવી રહી છે. સમગ્ર લદાખમાં કોઈ ટેક્સ નથી લાગતો, અહીં ટેક્સથી મુક્તિ અપાઈ છે. તો મને કેવી રીતે સમન્સ પાઠવી શકો?

## બિહાર ચૂંટણી પહેલા ૨૨% મહિલા મતદારો સુધી પહોંચશે ૧૦-૧૦ હજાર રૂપિયા

(સંપૂર્ણ સમાચાર સેવા)પટણા,

બિહારની ચૂંટણીમાં મહિલા મતદારોની મોટી ભૂમિકા હોય છે. આ જ કારણ છે કે નીતિશ કુમારનો શરૂઆતથી જ મહિલાઓ સંબંધિત યોજનાઓ પર વિશેષ ભાર રહ્યો છે. અને, મુખ્યમંત્રી મહિલા રોજગાર યોજના આ કડીમાં બિહારની મહિલાઓ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને નીતિશ કુમાર તરફથી નવી ચૂંટણી ભેટ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા મુખ્યમંત્રી મહિલા રોજગાર યોજના લોન્ચ કરતી વખતે કહ્યું, "જ્યારે આ પ્રક્રિયા ચાલી રહી હતી, ત્યારે હું વિચારતો હતો કે નીતિશજીની સરકારે બિહારની બહેનો-દીકરીઓ માટે કેટલું મોટું અને મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. જ્યારે કોઈ બહેન કે દીકરી રોજગાર કે સ્વરોજગાર કરે છે, તો તેના સપનાઓને નવી પાંખો મળે છે, અને સમાજમાં તેનું સન્માન પણ વધે છે."

વડાપ્રધાન મોદીએ કહ્યું, "આ મહિનાની શરૂઆતમાં જ મને જીવિકા નિધિ સાખ સહકારી સંઘ શરૂ કરવાની તક મળી હતી. હવે આ વ્યવસ્થાની તાકાત મુખ્યમંત્રી મહિલા રોજગાર યોજના સાથે જોડાઈ જશે."

વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે નવી યોજના સાથે અત્યાર સુધીમાં ૭૫ લાખ બહેનો જોડાઈ ચૂકી છે, અને એક સાથે તમામ બહેનોના બેંક ખાતામાં ૧૦,૦૦૦ મોકલવામાં આવ્યા છે.

બિહારમાં લગભગ ૩.૩૯ કરોડ મહિલા મતદારોમાં આ ૭૫ લાખ લાભાર્થી મહિલાઓ ૨૨% છે.મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાં મહિલાઓ માટેની કેશ ટ્રાન્સફર યોજનાઓ ભાજપ માટે ખૂબ જ ફાયદાકારક રહી છે.

બિહારમાં તો નીતિશ કુમાર પહેલાથી જ મહિલાઓ માટે ઘણી યોજનાઓ ચલાવી રહ્યા છે, મુખ્યમંત્રી મહિલા રોજગાર યોજના તેનાથી થોડી અલગ છે.

જોકે, બિહાર વિધાનસભામાં વિપક્ષના નેતા તેજસ્વી યાદવનું કહેવું છે કે, "આ જે યોજના છે તેમાં મોદીજીએ તો એક પણ રૂપિયો આપ્યો નથી. તમામ પૈસા રાજ્ય સરકારના છે. અને, તેમાં પણ કહેવામાં આવી રહ્યું છે કે તેની પછીથી સમીક્ષા થશે. બિહારની જનતાને મૂર્ખ ન સમજો."




# તંત્રી લેખ......

## ટ્રમ્પને દુઃખે છે પેટ, કુટે છે માથું

અમેરિકા સાથે વ્યાપારની શરતોની વાટાઘાટ આખરી તબક્કામાં છે અને પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ છાશવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને 'ગૂડ ફ્રેન્ડ' અચ્છા મિત્ર કહી રહ્યા છે, ત્યારે એમના હોઠ ઉપર હેયું નથી-એ તો અનુભવ આપણને થઈ રહ્યા છે. અમેરિકી અર્થતંત્રના પાયામાં ભારતીય નિષ્ણાતો છે અને સમૃદ્ધિમાં યોગદાન આપ્યું છે, હજુ આપી શકે એમ છે, ત્યારે ટ્રમ્પ સાહેબે ભારતીય બુદ્ધિધનને અમેરિકામાં પ્રવેશ કરતા રોકવા માટે વિઝા ફીમાં ધરખમ વધારો જાહેર કર્યો છે. ટ્રમ્પ વિઝા ફી વધારાથી કમાણી કરવા માગે છે કે પછી અમેરિકાનો વિકાસ રૂંધવા માગે છે? ચીનના આર્થિક આક્રમણને પડકારવા માગે છે કે શરણાગતિ કરવી છે? ટ્રમ્પ ભલે દાદાગીરી કરવા-દાખવવા માગતા હોય, આપણે જાણીએ છીએ કે અભિમાન તો રાજા રાવણનું પણ નથી રહી શક્યું! વ્યાપારમાં ટેરિફ આક્રમણ પછી હવે ટ્રમ્પે વિઝા ફી વધારામાં લક્ષ્ય ભારત જ છે, પણ તેની વધુ મોટી કિંમત અમેરિકનોએ ચૂકવવી પડશે. અત્યારે અમેરિકામાં લગભગ દરેક ક્ષેત્રના વિકાસમાં ભારતીય મૂળના નિષ્ણાતોનું યોગદાન છે. ટ્રમ્પે એમનો-ભારતનો આભાર માનવો જોઈએ. તેના બદલે પેટ દુઃખે છે અને માથું કૂટી રહ્યા છે! સમજદાર અમેરિકન સલાહકારો પણ ચોંકી ઊઠ્યા છે. આવી રીતે અમેરિકા ફરીથી 'ગ્રેટ' બનશે? ભારતીય ટેકનોલોજી નિષ્ણાતો અમેરિકા નહીં જઈ શકે તો એમનો લાભ ભારતને મળશે. એમનું જ્ઞાન અને આવડત અસાર નહીં જાય. ભારત સરકાર અને ઉદ્યોગપતિઓ નવી દિશાઓ ખોલશે. આફતને અવસર બનાવી શકશે. વડાપ્રધાન મોદીએ સ્વદેશી અભિયાનનું આહ્વાન કર્યું છે. તેમાં હવે વધુ સકારાત્મક શક્તિ મળશે, પણ કમનસીબે આપણા જ સ્વદેશી વિરોધી નેતાઓ 'આફત' વધારવા માગે છે. આપણી શક્તિમાં અવિશ્વાસ જગાવવા માગે છે! ટ્રમ્પની જાહેરાતને વખોડવાને બદલે મોદી-ભારતની વિદેશનીતિને વખોડી રહ્યા છે. વડાપ્રધાન મોદી 'કમજોર' હોવાનું કહી રહ્યા છે! રાહુલ ગાંધી અને કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે કહે છે કે, મોદી-મોદીના સૂત્રોચ્ચારથી આપણી વિદેશનીતિ સફળ થાય નહીં. આપણા રાષ્ટ્રીયહિત-ઈન્ડિયા ફર્સ્ટ માટે વિદેશી મિત્રોને ડહાપણથી સંભાળવા જોઈએ. સમતુલા જાળવવી જોઈએ. વિઝા ફી વધારીને અમેરિકાએ મોદીને 'બર્થડે ગિફ્ટ' આપી છે. અબ કી બાર ટ્રમ્પ સરકારની ભેટ મળી છે! અને આ 'ભેટ'થી ભારતીયોને દુઃખ થયું છે. કોંગ્રેસી નેતાઓના સૂરમાં સમાજવાદી પાર્ટીના અખિલેશ યાદવ અને અન્ય નેતાઓએ સૂર પૂરાવ્યો છે. પવન ખેડા કહે છે કે, આઠ વર્ષ પહેલાં રાહુલજીએ કહ્યું હતું કે, ટ્રમ્પ સાથેની મુલાકાતમાં મોદીએ એચ-વનબી વિઝાનો મુદ્દો કેમ રજૂ કર્યો નહીં? આઠ વર્ષ પછી રાહુલ ગાંધી સાચા ઠર્યા છે! એમ તો રાહુલ ગાંધીએ અમેરિકાની ધરતી ઉપરથી ભારત સરકાર અને મોદી ઉપર ઘણા આક્ષેપ કર્યા છે-તે સાચા ઠર્યા છે? વિઝા ફી વધારાનું પતાશું આ નેતાઓનાં મોઢામાં પડયું છે. વડાપ્રધાન મોદી નબળા છે એવું બોલનારા વિરોધપક્ષોને એટલું જ કહેવાનું; ભારત અને ભારતની જનતાના ચુકાદાની રાહ જુઓ.

## માનનીય સાંસદ ડૉ. હેમાંગ જોષી દ્વારા છાયાપુરી રેલવે સ્ટેશન પર યાત્રી સુવિધાના વિવિધ કાર્યોનું લોકાર્પણ



માનનીય સાંસદ ડૉ. હેમાંગ જોષી દ્વારા ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ છાયાપુરી રેલવે સ્ટેશન પર પ્લેટફોર્મ નં. ૧ અને ૨ પર નવ નિર્મિત એસ્કેલેટર, ફૂટ ઓવર બ્રિજ તથા વોટર કૂલરનું લોકાર્પણ કરવામાં આવ્યું.

કાર્યક્રમની શરૂઆતમાં મંડળ રેલ પ્રબંધક શ્રી રાજૂ ભડકેએ માનનીય સાંસદનું સ્વાગત કર્યું. આ અવસર પર ડૉ. જોષીએ જણાવ્યું કે છાયાપુરી રેલવે સ્ટેશન એક અગ્રણી સ્ટેશન છે અને અહીં પૂરી પાડવામાં આવેલી નવી મુસાફરી સુવિધાઓ ખાસ કરીને દિવ્યાંગજન, વૃદ્ધ તથા બીમાર મુસાફરો માટે અત્યંત ઉપયોગી સાબિત થશે. તેમણે વડોદરા મંડળ દ્વારા મુસાફરોને સુવિધાજનક સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે કરવામાં આવતા સતત પ્રયત્નોની પ્રશંસા કરી.

ડૉ. જોષીએ માહિતી આપી કે છાયાપુરી સ્ટેશન પર બનેલા આ એસ્કેલેટર અને ફૂટ ઓવર બ્રિજનો ખર્ચ આશરે ૮ કરોડ રૂપિયા આવ્યો છે. આ સુવિધા બનવાથી મુસાફરોને પ્લેટફોર્મ નં. ૧ થી ૨ પર જવા-આવવામાં સરળતા મળશે અને મુસાફરોની સુવિધામાં નોંધપાત્ર વધારો થશે. છાયાપુરી રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં. ૨ પર નિઃશુલ્ક ઠંડા પીવાના પાણીની સુવિધા શરૂ કરવામાં આવી છે. આ પહેલનો મુખ્ય હેતુ ભીષણ ગરમી દરમિયાન રોજ સ્ટેશન પરથી પસાર થતાં હજારો મુસાફરોને સ્વચ્છ અને ઠંડુ પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવાનો છે. આ એક સહયોગાત્મક પ્રયાસ છે જે કૉર્પોરેટ સોશિયલ રિસ્પૉન્સિબિલિટી (CSR) અંતર્ગત કે.પી. એજ્યુકેશન એન્ડ મેડિકલ સંસ્થા અને રેલવે વચ્ચે કરવામાં આવ્યો છે.

લોકાર્પણ કાર્યક્રમ બાદ માનનીય સાંસદ ડૉ. હેમાંગ જોષી દ્વારા ચાલી રહેલા "સ્વચ્છતા હી સેવા - ૨૦૨૫" અભિયાન હેઠળ, "એક દિન, એક ઘંટા, એક સાથ" કાર્યક્રમ અંતર્ગત છાયાપુરી રેલવે સ્ટેશન પર શ્રમદાન કરવામાં આવ્યું. આ અવસર પર તેમના સાથે મંડળ રેલ પ્રબંધકશ્રી રાજૂ ભડકે તથા અન્ય રેલ અધિકારીઓએ પણ સક્રિય સહકાર આપ્યો. કાર્યક્રમના સમાપન સમયે માનનીય સાંસદે સફાઈ કર્મચારીઓને પોતાના હાથે ભોજન પીરસીને તેમનું સન્માન કર્યું . જેમાં મંડળ રેલ પ્રબંધક શ્રી રાજૂ ભડકેએ પણ સહકાર આપ્યો.

આ અવસર પર વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી નરેન્દ્ર કુમાર, વરિષ્ઠ મંડળ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (પાવર) શ્રી પ્રદીપ મીના, વરિષ્ઠ મંડળ એન્જિનિયર (સમન્વય) શ્રી સુમિત ઠાકુર સહિત અન્ય રેલ અધિકારીઓ, કર્મચારીઓ, ગણમાન્ય નાગરિકો તથા પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયા ના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ ચાંદીના વાયદાએ ફરી નવી ટોચ બનાવીઃ સોનાના વાયદામાં રૂ.૪૦૭ની તેજીઃ ક્રૂડ તેલનો વાયદો રૂ.૧ ઢીલો

### કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૮૫૮૯.૪૩ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૫૨૮૮૯.૭૪ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૪૫૦૭.૯૬ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૬૭૮૯ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૮૧૪૭૯.૮૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૮૫૮૯.૪૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૫૨૮૮૯.૭૪ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૨૬૭૮૯ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૨૫૩.૧૨ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૪૫૦૭.૯૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૨૬૨૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૧૩૧૬૦ અને નીચામાં રૂ.૧૧૨૫૧૧ના સ્તરને સ્પર્શી, રૂ.૧૧૨૬૨૯ના આગલા બંધ સામે રૂ.૪૦૭ વધી રૂ.૧૧૩૦૩૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની સપ્ટેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૫૯ વધી રૂ.૯૦૭૭૮ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ સપ્ટેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧ ઘટી રૂ.૧૧૩૮૬ થયો હતો. સોનું-મિની ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૯૩ વધી રૂ.૧૧૨૮૯૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૩૦૨૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૧૩૬૫૪ અને નીચામાં રૂ.૧૧૨૯૫૯ના સ્તરને સ્પર્શી, રૂ.૧૧૩૦૨૬ના આગલા બંધ સામે રૂ.૨૨૬ વધી રૂ.૧૧૩૨૫૨ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૩૬૮૭૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૩૮૧૮૪ના ઓલ ટાઈમ હાઈ અને નીચામાં રૂ.૧૩૬૫૦૪ના મથાળે અથડાઈ, રૂ.૧૩૭૦૫૬ના આગલા બંધ સામે રૂ.૭૯૪ વધી રૂ.૧૩૭૮૫૦ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૮૦૭ વધી રૂ.૧૩૭૮૫૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૮૭૫ વધી રૂ.૧૩૭૮૬૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. ૨૩૪૧.૦૩ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી સપ્ટેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૬૭૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૬૭૮ અને નીચામાં રૂ.૩૬૫૧ના મથાળે અથડાઈ, રૂ.૧૧ ઘટી રૂ.૩૬૬૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ ઓક્ટોબર વાયદો બેરલદીઠ રૂ.૫૭૮૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૮૧૩ અને નીચામાં રૂ.૫૭૪૫ના સ્તરને સ્પર્શી, રૂ.૫૭૭૩ના આગલા બંધ સામે રૂ.૧ ઘટી રૂ.૫૭૭૨ થયો હતો. ક્રૂડ તેલ-મિની ઓક્ટોબર વાયદો રૂ.૨ વધી રૂ.૫૭૭૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ ઓક્ટોબર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૪.૫ વધી રૂ.૨૮૭.૯ થયો હતો. નેચરલ ગેસ-મિની ઓક્ટોબર વાયદો રૂ.૪.૫ વધી રૂ.૨૮૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૬૭.૭ના ભાવે ખૂલી, રૂ.૧.૭ ઘટી રૂ.૯૫૭.૨ના સ્તરે પહોંચ્યો હતો. એલચી સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૬૩૯ના ભાવે ખૂલી, રૂ.૧૪ ઘટી રૂ.૨૫૪૦ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૩૫૬૫.૨૦ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૦૯૪૨.૭૬ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૧૧૨૦.૨૦ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૧૩.૨૨ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૧૭.૫૪ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૪૨૮.૮૧ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૬૮૫૮ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૫૪૫૦૮ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૦૧૭૨ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૨૬૮૦૯૭ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૨૨૬૧૪ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૦૩૧૦ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૯૦૫૯ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૬૩૪૩૭ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૮૮૩ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૨૩૫૩ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૪૫૫૯ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૨૬૭૪૫ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૬૭૮૯ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૬૭૪૩ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૧૩ પોઈન્ટ વધી ૨૬૭૮૯ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ.૫૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૯.૨ વધી રૂ.૧૮૨.૬ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૪૫ વધી રૂ.૧૭.૨ના ભાવે બોલાયો હતો.

સોનું ઓક્ટોબર રૂ.૧૧૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૫૩.૫ વધી રૂ.૮૧૧.૫ થયો હતો. આ સામે ચાંદી ઓક્ટોબર રૂ.૧૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૯૭.૫ વધી રૂ.૩૭૯૮ થયો હતો. તાંબું ઓક્ટોબર રૂ.૯૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૫.૪૮ ઘટી રૂ.૧૩.૮૫ના ભાવે બોલાયો હતો. જસત ઓક્ટોબર રૂ.૨૮૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૪ ઘટી રૂ.૪ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ઓક્ટોબર રૂ.૫૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૦.૧ વધી રૂ.૧૮૪.૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની ઓક્ટોબર રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૫ વધી રૂ.૧૭.૨૫ થયો હતો. સોનું-મિની ઓક્ટોબર રૂ.૧૧૩૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૦.૫ વધી રૂ.૨૫૮૦ થયો હતો. ચાંદી-મિની ઓક્ટોબર રૂ.૧૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૭૧.૫ વધી રૂ.૩૬૯૯ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૮.૫ વધી રૂ.૧૬૩ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨ ઘટી રૂ.૧૪.૩ થયો હતો.

સોનું ઓક્ટોબર રૂ.૧૧૩૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૫.૫ ઘટી રૂ.૧૮૨૦.૫ થયો હતો. આ સામે ચાંદી ઓક્ટોબર રૂ.૧૨૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૪૩ ઘટી રૂ.૫૬૦ થયો હતો. તાંબું ઓક્ટોબર રૂ.૯૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૬૨ વધી રૂ.૨૧.૩૯ના ભાવે બોલાયો હતો. જસત ઓક્ટોબર રૂ.૨૭૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૧ પૈસા ઘટી રૂ.૧.૩૯ના ભાવે બોલાયો હતો. મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ઓક્ટોબર રૂ.૪૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ ૯૦ પૈસા વધી રૂ.૮.૪૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની ઓક્ટોબર રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૩ ઘટી રૂ.૧૯.૦૫ થયો હતો. સોનું-મિની ઓક્ટોબર રૂ.૧૧૩૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬ ઘટી રૂ.૨૦૧૫.૫ના ભાવે બોલાયો હતો.

### સરકાર અને ઉદ્યોગકારો વચ્ચે કુલ ૨૮૩ કરોડના એમ.ઓ.યુ પર હસ્તાક્ષર થયા

# બનાસકાંઠામાં વાઈબ્રન્ટ ગુજરાત, વાઈબ્રન્ટ બનાસકાંઠા અંતર્ગત ડિસ્ટ્રિક્ટ લેવલ પ્રોગ્રામ યોજાયો

### કમ્ફર્ટ ઝોનમાંથી બહાર આવી નવીન ધંધા રોજગાર શરૂ કરવા યુવાનોને પ્રેરણા આપતા વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી

### વાઈબ્રન્ટ ગુજરાતથી ૨૦૦૩ પછી ગુજરાત વિશ્વના રોકાણનું કેન્દ્ર બન્યુંઃ વિશ્વની અગ્રીમ ૧૦૦ કંપનીઓ આજે ગુજરાતમાં છે.મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂત





ગુજરાતમાં રોકાણ આકર્ષવા અને વ્યૂહાત્મક ભાગીદારી બનાવવા માટે વાઈબ્રન્ટ ગુજરાત યોજવામાં આવે છે જે દેશના અન્ય રાજ્યો માટે મોડલ બન્યું છે. આ વર્ષે સરકાર દ્વારા વાઈબ્રન્ટ ગુજરાત રિજીયોનલ કોન્ફરન્સીસનું આયોજન કરવામાં આવ્યું છે, જેના અનુસંધાને આજરોજ બનાસકાંઠા જિલ્લામાં વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી અને ઉદ્યોગમંત્રીશ્રી બળવંતસિંહ રાજપુતની ઉપસ્થિતિમાં વાઈબ્રન્ટ ગુજરાત, વાઈબ્રન્ટ બનાસકાંઠા અંતર્ગત ડિસ્ટ્રિક્ટ લેવલ પ્રોગ્રામ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં સ્ટેજ પરથી કુલ ૨૮૩ કરોડના ૬ જેટલા એમ.ઓ.યુ કરાયા હતા જેમાં માર્ગ અને મકાન વિભાગ બનાસકાંઠા દ્વારા SPG ઈન્ફ્રાકોન પ્રાઈવેટ લિમિટેડ સાથે ૨૧૦ કરોડના એમ.ઓ.યુ કરાયા હતા.

સરકારના અલગ અલગ વિભાગના કુલ ૧૧ હેલ્પ ડેસ્ક અને ઔદ્યોગીક એકમોના મેન્યુફેક્ચરિંગ પ્રોડકટના પ્રદર્શન માટે કુલ ૩૬ સ્ટોલ ઊભા કરાયા હતા. અધ્યક્ષશ્રી અને મહાનુભાવોએ આ સ્ટોલનું ઉદઘાટન કરીને નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે ઉધોગને સમર્પિત ફિલ્મનું નિરીક્ષણ કરાયું હતું તથા મહાનુભાવોના હસ્તે સ્ટેજ પરથી લાભાર્થીઓને વિવિધ લાભ વિતરણ કરાયા હતા.

આ પ્રસંગે વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ ઉદ્યોગકારોને સંબોધતા જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આજે દેશ વૈશ્વિક લેવલે મોખરાનું સ્થાન ધરાવે છે. આયાતકારો અને નિકાસ વધારવા તથા ઉદ્યોગોને પ્રોત્સાહન આપીને આજે દેશમાં અનેક સરળ પોલિસીઓ અમલમાં મૂકવામાં આવી છે. મેક ઈન ઈન્ડિયા તથા મેડ ઈન ઈન્ડિયા જેવા અભિયાનો દેશના લોકોને સતત ઉધોગો માટે પ્રોત્સાહિત કરે છે. નાગરિકોએ સ્વદેશી પ્રોડક્ટ અપનાવીને દેશના વિકાસમાં ફાળો આપવો જોઈએ. તેમણે ઉપસ્થિતોને જણાવ્યુ કે, કમ્ફર્ટ ઝોનમાંથી બહાર આવીને નવીન ધંધા રોજગાર કરવા શરૂઆત કરવી જોઈએ.

અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું કે, આપણો દેશ ધંધા રોજગાર માટે વિશાળ માર્કેટ ઉપલબ્ધ કરાવે છે. આજે બનાસકાંઠા અનેક ક્ષેત્રમાં રાજ્યમાં પ્રથમ સ્થાન ધરાવે છે. જિલ્લામાં મારબલ, એગ્રો, ડેરી સહિતના અનેક ધંધા અગ્રેસર બન્યા છે. તેમણે પ્રોડકટનું વેલ્યુ એડીશન કરીને વેચવા માટે આહવાન કર્યું હતું. આજે AI અને વર્ચ્યુઅલ દુનિયામાં બ્રાન્ડિંગ અને વેચાણ કરવું સહેલું બન્યું છે. તેમણે ઉપસ્થિતોને બનાસ ડેરીનું ઉદાહરણ આપતા જણાવ્યું કે બનાસ ડેરીએ અનેક નવા સ્ટાર્ટઅપ શરૂ કર્યા અને છેલ્લા ૧૦ વર્ષમાં ૨૩ હજાર કરોડનું નેટવર્ક બનાવ્યું છે. બનાસકાંઠામાં ૨૮ લાખ ૫૦ હજાર જેટલા પશુઓ છે. બનાસ ડેરીએ પશુઓના ગોબર થકી પાંચ જેટલા સી.એન.જી પંપ બનાવ્યા છે. આનાથી પશુપાલકોને પણ ગોબરમાંથી આવક મળતી થઈ છે તથા પર્યાવરણ માટે પણ કામ થઈ રહ્યું છે. તેમણે જણાવ્યું કે, કોઈપણ પ્રોડકટનું ક્વોલિટી જાળવવું, નવીન શોધો અને તકનીકોનો અપનાવવી, ઈનોગ્રેશન કરવું જરૂરી છે. આગામી સમયમાં બનાસકાંઠા જિલ્લામાં દેશનું સૌથી મોટું બ્રિડિંગ સેન્ટર બનશે તેમ જણાવ્યું હતું.

કાર્યક્રમમાં ઉદ્યોગમંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરદંશી નેતૃત્વ હેઠળ વર્ષ ૨૦૦૩ થી શરૂ થયેલ વાઈબ્રન્ટ ગુજરાત થકી દેશમાં ગુજરાતને વિકાસની અગ્ર હરોળમાં લાવવા માટે સફળતા મળી છે. ગુજરાતમાં આજે વિશ્વની ટોપ ૫૦૦ પૈકી ૧૦૦ કંપનીઓ ગુજરાતમાં આવી છે જેના થકી સ્થાનિક અનેક લોકોને રોજગારીના અવસર પ્રાપ્ત થયા છે. ૧૮,૭૫૩ માથાદીઠ આવક વધીને આજે ૨ લાખ ૭૩ હજાર થઈ છે. જી.ડી.પી ૮.૪ ટકા સાથે વધી રહ્યો છે.

મંત્રીશ્રીએ જણાવ્યું કે, આપણો દેશ ભૂતકાળમાં સોનાની ચિડિયા તરીકે ગણાતો હતો તે જ મુજબ દેશને વિશ્વમાં અગ્રીમ હરોળમાં લાવવા માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને સરકાર પ્રતિબધ્ધ છે. સરળ ઉધોગ નીતિઓ થકી દેશ આજે વિશ્વની ચોથી અર્થવ્યવસ્થામાં સામેલ થયો છે. યુવાનોની સ્કીલ ડેવલપ કરવા ગુજરાતમાં સૌપ્રથમ સ્કીલ યુનિવર્સિટીની શરૂઆત કરવામાં આવી છે. નાના ઉધોગકારોને પ્રોત્સાહન પૂરું પાડવા રાજ્ય સરકાર વિવિધ યોજનાઓનો લાભ આપી રહી છે. તેમણે આ કોન્ફરન્સ માટે જિલ્લા વહીવટી તંત્રને અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે રાજ્ય સરકારના ઉધોગ અને ખાણ વિભાગના અગ્ર સચિવશ્રી મમતા વર્માએ બનાસકાંઠા જિલ્લામાં ઉપલબ્ધ ઉદ્યોગોની તકો, વાઈબ્રન્ટ ગુજરાત અને આગામી આયોજન અંગે ઉપસ્થિતઓને માહિતગાર કર્યા હતા. બનાસકાંઠાના ઉદ્યોગ સાહસિકોએ પોતાના પ્રતિભાવ રજૂ કર્યા હતા.

ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં આગામી સમયમાં વિવિધ ચાર ઝોનમાં વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ યોજાવાની છે. જેમાં તા. ૯ અને ૧૦ ઓક્ટોબર-૨૦૨૫ દરમિયાન મહેસાણા ખાતે ઉત્તર ગુજરાત વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિવિધ પાંચ કેટેગરીમાં માઈક્રો સ્મોલ એન્ટરપ્રાઈઝ-MSE એવોર્ડ આપવામાં આવશે.

આ કાર્યક્રમમાં સર્વે ધારાસભ્યશ્રી અનિકેતભાઈ ઠાકર, શ્રી પ્રવીણભાઈ માળી, શ્રી માવજીભાઈ દેસાઈ, કમિશનર શ્રી પી.સ્વરૂપજી, જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી એમ.જે.દવે સહિત જિલ્લાના ઉદ્યોગ સાહસિકો ઉપસ્થિત રહ્યા હતા.

# નાબાલિક બાળકોને "સખી વન સેન્ટર" પોરબંદર ખાતે સુરક્ષિત રીતે સોંપવામાં આવ્યા

તારીખ ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ રેલ સુરક્ષા બળ, પોરબંદર પોસ્ટ પર ફરજ પર તહેનાત સહાયક ઉપનિરીક્ષક ધર્મેન્દ્ર ચૌધરી દ્વારા નિયમિત પેટ્રોલિંગ દરમ્યાન સવારી ગાડી ક્રમાંક ૧૯૨૦૮ (રાજકોટ–પોરબંદર)ના આગમન સમયે પ્લેટફોર્મ ક્રમાંક ૩/૪ પર એક નાબાલિક છોકરી અને એક નાબાલિક છોકરો (ઉંમર અંદાજે ૭-૮ વર્ષ) શંકાસ્પદ સ્થિતિમાં જોવા મળ્યા.

બાળકોને પોસ્ટ પર લાવીને પૂછપરછ કરવામાં આવી, પરંતુ તેઓ બોલી શકતા ન હોવાથી ફક્ત ઈશારાઓ દ્વારા જ પોતાની વાત કહી રહ્યા હતા, જેના કારણે તેઓ ગૂંગા હોવાનું જણાતું હતું. બંને બાળકો પાસે કોઈપણ ઓળખ સંબંધિત દસ્તાવેજ ઉપલબ્ધ નહોતાં.

આ સંદર્ભે જિલ્લા બાળ સુરક્ષા એકમ (DCPU) પોરબંદરના શ્રી કમલેશભાઈનો સંપર્ક કરવામાં આવ્યો. તેમના માર્ગદર્શન મુજબ બંને બાળકોને સખી વન સેન્ટર પોરબંદર ખાતે સોંપવાની કાર્યવાહી કરવામાં આવી. સખી વન સેન્ટરની ઈન્ચાર્જ રાજીબેન દ્વારા બંને બાળકોને આશ્રય આપવાની સંમતિ આપવામાં આવી.

જરૂરી ઔપચારિકતાઓ તથા કાગળપત્રની કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ બંને નાબાલિક બાળકોને સુરક્ષિત રીતે સખી વન સેન્ટર, પોરબંદર ખાતે સોંપવામાં આવ્યા. આવતી સોમવારના રોજ બંને બાળકોને બાળ કલ્યાણ સમિતિ (CWC) પોરબંદર પાસે વિધિવત્ જાણ કરી સોંપવામાં આવશે. રેલવે સુરક્ષા બળ, પોરબંદર દ્વારા સમયસર કરવામાં આવેલી કાર્યવાહીથી બંને નાબાલિક બાળકોને સુરક્ષિત આશ્રય મળી શક્યો.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.

Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

# કૌશિક વેકરીયાને અને સીઆર પાટીલ વચ્ચેનો ઓડીયો વાયરલઃ અમરેલીના રાજકારણમાં નવા જુની થવાના એંધાણ

પ્રતિનિધિ,ગાંધીનગર

અમરેલીમાં જયારથી કૌશિક વેકરીયાના નામે લેટરકાંડ સર્જાયો ત્યારથી અમરેલીમાં સતત તેઓ ચર્ચામાં રહે છે. ત્યારબાદ પાયલ ગોટીનુ સરઘસ કાઢવામાં આવ્યુ અને તેના કારણે કૌશિક વેકરીયાનુ નામ પણ તેમાં ખુબ ચગ્યુ હતું. પણ હવે ફરી એકવાર કૌશિક વેકરીયા ચર્ચામાં આવ્યા છે અને અત્યારે એક વિડીયો વાયરલ થયો છે અને આ ઓડીયો અમરેલીના ધારાસભ્ય કૌશિક વેકરીયા અને પ્રદેશ ભાજપ પ્રમુખ સીઆર પાટીલ વચ્ચેની વાતચીતનો છે.




આ વાયરલ ઓડીયોના કારણે કૌશિક વેકરીયાની કામગીરી સામે સવાલો ઉભા થઈ રહ્યા છે. અમરેલીના ધારાસભ્ય કૌશિક વેકરીયા અને પ્રદેશ ભાજપ પ્રમુખ સીઆર પાટીલનો ઓડીયો હાલ વાયરલ થઈ રહ્યો છે. આ ઓડીયોમાં સીઆર પાટીલ કૌશિક વેકરીયાને ખખડાવી રહ્યા છે. ઓડીયામાં બોલી રહ્યા છે કે કૌશિક તને કોલ કર્યો વોટસએપ કર્યો પણ તારો કોલ ન આવ્યો , લીલીયાવાળુ મોકલ્યુ હતુ તે લીલીયાવાળુ શોટઆઉટ કરાવી દીધુ છે અધિકારીઓને કહીને, પણ તારે મને કહેવુ જોઈએ, સોરી સાહેબ પણ લીલીયાવાળુ શોટઆઉટ કરાવી દીધુ, પણ તારે મને કહેવુ તો જોઈએ ને કે તે શું કર્યુ છે, મને ખબર તો પડે ને, તમે છે ને તમારા જિલ્લાના કાંકરા છે ને આખો કિલ્લો એક સાથે નથી પડતો ધીમે ધીમે પડે છે. હા સર...

આગળ ઓડીયોમાં સીઆર પાટીલ કહે છે કે તુ જો આ રીતે ધ્યાન નહી આપશે તો તમારા વિસ્તારમાં તો હજુ તકલીફ વધશે, એક સમય હતો તારી છાપ સારી હતી હવે ધીમે ધીમે બગડતી જાય છે, હું તને કહુ છું ને મને તો કોઈ મતલબ નથી, મેં જ તને મોટો કર્યો હવે મને લાગે છે તુ જો સાચવશે નહી ને તને ડેમેજ થઈ રહ્યો છે, સાહેબ સાચવવાનો જ હોય ને, હવે પછી નહી સુધરે તો તકલીફ પડશે તને, તારા ઘણાબધા દુશ્મનો છે બધા છે, હા સાહેબ ચારેય બાજુ છે મોટા નેતાઓ બધાય, મને નથી લાગતુ તુ એટલો સક્રિય હોય કે ચિંતિત હોય એવુ, તમને હવે કોઈ નથી કરવાનુ એવુ નહી માનવાનુ,

હવે અહીં સૌથી મોટો પ્રશ્ન એ છે કે સીઆર પાટીલ અને કૌશિક વેકરીયા વચ્ચેની વાતચીતનો ઓડીયો કયાંથી વાયરલ થયો તે સૌથી વધુ ચર્ચાનો વિષય બન્યો છે અને આ સાથે જ હવે અમરેલીના રાજકારણમાં પણ મોટા ખળભળાટના એંધાણ જોવા મળી રહ્યા છે. ગરવી ગુજરાત ઓડીયોની પુષ્ઠી કરતુ નથી.

# અલ્પેશ ઠાકોરે ખખડાવ્યા ખાડા : ઠાકોર સેનાને અલ્પેશ ઠાકોરે કરી સક્રિય

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત વિધાનસભામાં મંત્રી મંડળના વિસ્તરણનો મમરો પ્રદેશ ભાજપ પ્રમુખ સીઆર પાટીલે એવો તરતો મુકયો છે કે પક્ષના રીતસરના સુઈ ગયેલા ધારાસભ્યોમાં જાણે ચેતનાની ધાર આવી ગઈ છે. દરેક ધારાસભ્ય અને તેમના સમર્થકોનુ જુથ મંત્રી મંડળમાં સ્થાન મેળવવા ઘોડાની જેમ હણહણાટ કરવા માડયુ છે. તેઓ જાણે સંકેત આપી રહ્યા છે કે તેઓ તો દોડવા તૈયાર જ છે, બસ તેમને રેસમાં ઉતારો , પછી તેઓ તેમનુ કૌવત બતાવશે,




આવુ જ હોય તો પછી અલ્પેશ ઠાકોર પણ કેમ બાકી રહે, તેમણે પણ તેમની ઠાકોર સેનાને સાબદી કરી દીધી છે. તેથી આગામી દિવસોમાં તે પણ સરકાર સામે કોઈ વાતને લઈને ધોકો પછાળતા જોવા મળે કે મોટો રાજકીય કાર્યક્રમ કરતા જોવા મળે તો આશ્ચર્ય પામવા જેવુ કંઈ નથી. આમ પણ ઘણા સમયથી તેમણે કોઈ રાજકીય કાર્યક્રમ હાથ ધર્યો નથી. અલ્પેશ ઠાકોરની ઠાકોર સેના ખાસ કરીને પરપ્રાંતીય આંદોલનના કારણે ગુજરાતમાં વધારે જાણીતી થઈ ગઈ છે. તેના લીધે તેમને ગુજરાતીઓ તરફથી ખાસ્સુ સમર્થન પણ મડયુ હતું, આના કારણે ઠાકોર સેનાની જાણે ગુજરાતીઓના અવાજ તરીકેની એક ઓળખ પણ ઉભી થઈ હતી, ખાસ કરીને ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં તો ગુજરાતીઓએ ઠાકોર સેનાના કાર્ય ને બિરદાવ્યુ હતું.

આ આંદોલનના કારણે ગુજરાતમાં સ્થપાતા ઉદ્યોગમાં ૮૫ ટકા ગુજરાતીઓને જ નોકરી પર રાખવામાં આવે તેવો નિયમ પણ સરકારે લાવવો પડયો હતો. જો કે તેનુ હવે કેટલુ પાલન થાય છે જુદી વાત છે. આમ છતાં ગુજરાતમાં ગુજરાતીઓને જ નોકરી મળતી નથી, તે વાત ઉઠાવવામાં ઠાકોર સેનાને સફળતા મળી હતી.

આ ઉપરાંત અલ્પેશ ઠાકોરની ઠાકોર સેનાએ અનામત આંદોલન, વ્યસનમુકિત અને શિક્ષણ જેવા મુદ્દાઓ પર અવાજ ઉઠાવ્યો હતો. તેના કારણે અલ્પેશ ઠાકોરની ઠાકોર સેનાનુ નામ બોલાતુ હતું અને તેની પ્રતિષ્ઠા પણ ઉંચે ગઈ હતી.

સરકાર પણ ઠાકોર સેનાનો અવાજ સાંભળતી હતી. પરંતુ આ બધાના કારણે અલ્પેશ ઠાકોરને પણ પ્રતિષ્ઠા મળી અને તેને ભાજપમાં જોડાવવાની તક મળી. પણ ભાજપમાં જોડાયા બાદ અલ્પેશ ઠાકોરે આંદોલન કરવુ જેવુ કશુ રહ્યુ જ નથી. જો કે લઠ્ઠાકાંડ થયો ત્યારે ઠાકોર સેના સક્રિય બની હતી. પરંતુ તે સિવાય હાલમાં અલ્પેશ ઠાકોર અને ઠાકોર સેના નિષ્ક્રીય બની ગયા હોવાનુ લાગણી પ્રર્વતતી રહી છે. હવે અલ્પેશ ઠાકોર આ નિષ્ક્રીયતાની ધુળ ઉડાડવા માંગે છે. અલ્પેશ ઠાકોરને પણ લાગ્યુ છે કે આ નિષ્ક્રીયતા કયાંક આગામી સમયમાં તેમને સાવ કોરાણે ન મુકી દે તેથી તે સક્રીય થઈ ગયા છે. ગુજરાતમાં કહેવાય છે કે સૌથી વધુ વસ્તી હોય તે ઠાકોર સમાજની છે. ગુજરાતની કુલ વસ્તીનો ૩૫ થી ૪૦ ટકા હિસ્સો ઠાકોરોનો હોવાનુ કહેવાય છે. આમ છતાં પણ હજુ સુધી ઠાકોર સમાજને જોઈએ તેવુ જનપ્રતિનિધિત્વ મળતુ નથી.

ગુજરાતમાં અત્યાર સુધી કોઈ ઠાકોર મુખ્યમંત્રી તો ઠીક મંત્રી પણ માંડ માંડ બની શકે છે. આ જોતા આગામી દિવસોમાં ઠાકોર સમાજને અન્યાયના નેજા હેઠળ આંદોલનની કવાયત શરૂ થાય તો આશ્ચર્ય નહી થાય.

# પશ્ચિમ રેલવે ચલાવશે સાબરમતી—પટના અને રાજકોટ—બરૌની વચ્ચે ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન

પશ્ચિમ રેલવે દ્વારા આવતા દિવાળી અને છઠ પૂજા ફેસ્ટિવલ સીઝન દરમિયાન મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને સાબરમતી—પટના અને રાજકોટ—બરૌની વચ્ચે સાપ્તાહિક ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનો ખાસ ભાડા પર ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છેઃ

ટ્રેન નંબર ૦૯૪૨૭/૦૯૪૨૮ સાબરમતી—પટના—સાબરમતી સાપ્તાહિક સ્પેશિયલ (૧૮ ટ્રીપ્સ)

ટ્રેન નંબર ૦૯૪૨૭ સાબરમતી—પટના સ્પેશિયલ ૦૧ ઓક્ટોબર ૨૦૨૫ થી ૨૬ નવેમ્બર ૨૦૨૫ સુધી દર બુધવારે સાબરમતીથી ૧૮:૧૦ કલાકે પ્રસ્થાન કરશે અને ત્રીજા દિવસે ૦૧:૦૦ વાગ્યે પટના પહોંચશે. તે જ રીતે, ટ્રેન નંબર ૦૯૪૨૮ પટના—સાબરમતી સ્પેશિયલ ૦૩ ઓક્ટોબર ૨૦૨૫ થી ૨૮ નવેમ્બર ૨૦૨૫ સુધી દર શુક્રવારે પટનાથી ૦૪:૪૦ કલાકે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે ૦૯:૫૫ વાગ્યે સાબરમતી પહોંચશે.

માર્ગમાં બંને દિશામાં આ ટ્રેન મહેસાણા, પાલનપુર, આબુરોડ, મારવાડ, અજમેર, જયપુર, ગાંધીનગર જયપુર, દૌસા, બાંદીકુઈ, ભરતપુર, અછનેરા, ઈદગાહ, ટુંડલા, ઈટાવા, કાનપુર સેન્ટ્રલ, પ્રયાગરાજ, મિર્જાપુર, પંડિત દીનદયાળ ઉપાધ્યાય, બક્સર, આરા અને દાનાપુર સ્ટેશનો પર ઉભી રહેશે. આ ટ્રેનમાં એસી ૩-ટિયર (હમસફર) શ્રેણીના કોચ રહેશે.

ટ્રેન નંબર ૦૯૫૬૯/૦૯૫૭૦ રાજકોટ—બરૌની-રાજકોટ (સાપ્તાહિક) સ્પેશિયલ (૧૮ ટ્રીપ્સ)

ટ્રેન નંબર ૦૯૫૬૯ રાજકોટ—બરૌની સ્પેશિયલ ૦૨ ઓક્ટોબર ૨૦૨૫ થી ૨૭ નવેમ્બર ૨૦૨૫ સુધી દર ગુરુવારે રાજકોટથી ૧૭:૦૦ કલાકે પ્રસ્થાન કરશે અને ત્રીજા દિવસે ૦૫:૦૦ વાગ્યે બરૌની પહોંચશે.

તે જ રીતે, ટ્રેન નંબર ૦૯૫૭૦ બરૌની—રાજકોટ સ્પેશિયલ ૦૪ ઓક્ટોબર ૨૦૨૫ થી ૨૯ નવેમ્બર ૨૦૨૫ સુધી દર શનિવારે બરૌનીથી બપોરે ૧૪:૪૦ કલાકે પ્રસ્થાન કરશે અને ત્રીજા દિવસે ૦૪:૪૦ વાગ્યે રાજકોટ પહોંચશે.

આ ટ્રેન બંને દિશામાં વાંકાનેર, સુરેન્દ્રનગર, ચાંદલોડિયા-મ, મહેસાણા, પાલનપુર, આબુરોડ, ફાલના, મારવાડ, બ્યાવર, અજમેર, કિશનગઢ, જયપુર, ગાંધીનગર જયપુર, દૌસા, બાંદીકુઈ, ભરતપુર, ઈદગાહ, ટુંડલા, ગોવિંદપુરિ, પ્રયાગરાજ, પંડિત દીનદયાળ ઉપાધ્યાય, બક્સર, આરા, દાનાપુર, પાટલિપુત્ર, સોનપુર, હાજીપુર અને શાહપુર પટોરી સ્ટેશનો પર ઉભી રહેશે. આ ટ્રેનમાં એસી ૨-ટિયર અને એસી ૩-ટિયર શ્રેણીના કોચ રહેશે.

ટ્રેન નંબર ૦૯૪૨૭ અને ૦૯૫૬૯ નું બુકિંગ ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૫ થી યાત્રી આરક્ષણ કેન્દ્રો અને આઈ આરસીટીસી ની વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સંચાલન સમય, સ્ટોપેજ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો www. enquiry. indianrail. gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# અમદાવાદના વિવિધ ગરબા મહોત્સવોમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિ





## અમદાવાદ પૂર્વના વસ્ત્રાલ, નિકોલ, બાપુનગર, ધીકાંટા, દરિયાપુર ખાતે વિવિધ ગરબા મહોત્સવમાં હાજરી આપીને મુખ્યમંત્રીશ્રીએ ખૈલૈયાઓનો ઉત્સાહ વધાર્યો

રાજ્યભરમાં શક્તિ અને આરાધનાનું પર્વ નવલી નવરાત્રિ ઊજવાઈ રહ્યું છે ત્યારે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદ ખાતે વિવિધ ગરબા મહોત્સવોમાં ભાવપૂર્વક ઉપસ્થિત રહ્યા હતા.

ચોથા નોરતાની રાતે મુખ્યમંત્રીશ્રી અમદાવાદ પૂર્વના વસ્ત્રાલ, નિકોલ, બાપુનગર, ધીકાંટા, દરિયાપુર ખાતે વિવિધ ગરબા મહોત્સવમાં સહભાગી થયા હતા. વસ્ત્રાલમાં માધવ હોમ્સ ખાતે, નિકોલમાં શ્રી ખોડલધામ મેદાન ખાતે તેમજ શ્રીનાથ સોસાયટી ખાતે, બાપુનગરમાં બહુચર માતા મંદિર ખાતે, દરિયાપુરમાં શ્રી મહાકાળી મિત્ર મંડળ આયોજિત નવરાત્રિ મહોત્સવમાં અને ઘીકાંટા ખાતે શ્રી શિવ શક્તિ માંઈ ઘીકાંટા યુવક મંડળ આયોજિત ગરબા મહોત્સવમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ ગરબા મહોત્સવમાં આયોજકો તેમજ સોસાયટીના રહીશો દ્વારા મુખ્યમંત્રીશ્રીનું સ્વાગત અભિવાદન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીએ ગરબી ખાતે આરતીમાં સહભાગી થઈ માતાજીના આશીર્વાદ મેળવ્યા હતા તેમજ ખેલૈયાઓનું અભિવાદન ઝીલીને તેમનો ઉત્સાહ વધાર્યો હતો.

નિકોલમાં શ્રીનાથ પાર્ક ખાતે આયોજિત ગરબા મહોત્સવમાં મુખ્યમંત્રી શ્રી પહોચ્યા ત્યારે સ્વદેશી અપનાયેન્ગે, ભારત કો આત્મનિર્ભર બનાએન્ગેના સૂત્રોચ્ચાર પણ કરાયા હતા. નિકોલમાં શ્રી ખોડલધામ મેદાન ખાતે આયોજિત ગરબા મહોત્સવમાં ખોડલધામ ખોડલ ગરબા મહોત્સવમાં સહકાર મંત્રી મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા, મેયર શ્રીમતી પ્રતિભાબહેન જૈન સાંસદ શ્રી હસમુખભાઈ પટેલ, શ્રી ગોરધનભાઈ ઝડફિયા, શ્રી વલ્લભ કાકડિયા, વસ્ત્રાલના માધવ હોમ્સ ખાતે પૂર્વ રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજા, બાપુનગર બહુચર માતા મંદિર ખાતે સ્થાનિક ધારાસભ્ય શ્રી દિનેશભાઈ કુશવાહા, દરિયાપુર ખાતે સ્થાનિક ધારાસભ્ય શ્રી કૌશિક જૈન તેમજ વિવિધ સ્થળોએ ગરબા મહોત્સવોમાં શહેર ભાજપ પ્રમુખ શ્રી પ્રેરક શાહ, સ્થાનિક ધારાસભ્યશ્રીઓ, એએમસીના પદાધિકારીશ્રીઓ તેમજ સામાજિક-રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# આરપીએફ અમદાવાદની સતર્કતા અને ત્વરિત કાર્યવાહીથી મહિલા મુસાફરની જાન બચી અને એક શંકાસ્પદ વ્યક્તિ ઝડપાયો

પશ્ચિમ રેલવે, અમદાવાદ મંડળ પર રેલવે સુરક્ષા દળ (આરપીએફ) અને રાજકીય રેલવે પોલીસ (જીઆરપી) ના કર્મચારીઓએ તેમની સતર્કતા અને ત્વરિત કાર્યવાહીથી અમદાવાદ સ્ટેશન પર એક મહિલા મુસાફરની જાન બચાવી તેમજ એક શંકાસ્પદ વ્યક્તિને પકડીને જીઆરપીના હવાલે કર્યો.



મહિલા મુસાફરની જાન બચાવવામાં આવી

મહિલા મુસાફરને બચાવી રહેલા RPF અને GRP કર્મચારીઓ

૨૫ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ અમદાવાદ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૧ પર ટ્રેન નંબર ૧૬૩૩૬ નાગરકોઈલ— ગાંધીધામ એક્સપ્રેસમાં મુસાફરી કરતી ૫૦ વર્ષીય મહિલા મુસાફર રૂબિના બાનો, નિવાસી ગુના, મધ્ય પ્રદેશ ઉતરતી વખતે અસંતુલિત થઈને ટ્રેન અને પ્લેટફોર્મ વચ્ચે ફસાઈ ગઈ. પેટ્રોલિંગ પર રહેલા આરપીએફ કૉન્સ્ટેબલ બૃજેશકુમાર અને જીઆરપી હેડ કૉન્સ્ટેબલ દર્શિતભાઈએ તાત્કાલિકતા અને સાહસ દર્શાવીને મહિલાને સુરક્ષિત બહાર કાઢી. જો આ કાર્યવાહી સમયસર ન કરવામાં આવી હોત તો મહિલાને ગંભીર ઈજા થઈ શકતી હતી અને તેની જાન પણ જોખમમાં પડી શકતી હતી.

આરપીએફ દ્વારા શંકાસ્પદ વ્યક્તિ પકડાયો



શંકાસ્પદ વ્યક્તિને પકડી પાડતો RPF સ્ટાફ

૨૫.૦૯.૨૦૨૫ના રોજ પ્લેટફોર્મ નંબર ૦૩ પર નિયમિત પેટ્રોલિંગ દરમિયાન ઉપ નિરીક્ષક સોનુકુમાર સૈની, કૉન્સ્ટેબલ બૃજેશકુમાર અને કૉન્સ્ટેબલ મુકેશએ એક શંકાસ્પદ વ્યક્તિને છુપવાનો પ્રયાસ કરતાં જોયો. તેની પૂછપરછ કરવામાં આવી, પરંતુ તે કોઈ સંતોષજનક જવાબ આપી શક્યો નહીં. તપાસ દરમિયાન તેના પાસે વિવો કંપનીનો એક મોબાઈલ ફોન મળ્યો, જેની અંદાજિત કિંમત રૂ.૧૦,૦૦૦/- જેટલી હતી. પ્રાથમિક તપાસમાં આશંકા વ્યક્ત કરવામાં આવી કે આ મોબાઈલ ફોન કોઈ મુસાફર પાસેથી ચોરાયેલો છે. શંકાસ્પદ વ્યક્તિ ગુનો કરવાની નિયતથી સ્ટેશન પરિસરમાં છુપાયો હતો.

ઉપરોક્ત વ્યક્તિને વિધિવત કાર્યવાહી માટે જીઆરપી/ અમદાવાદને સુપરત કરવામાં આવ્યો છે. આગળની તપાસ જીઆરપી દ્વારા કરવામાં આવી રહી છે. અમદાવાદ મંડળ મુસાફરોની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપે છે. આરપીએફ અને જીઆરપીના કર્મચારીઓ દ્વારા દર્શાવવામાં આવેલી સતર્કતા, સાહસ અને ત્વરિત કાર્યવાહી મુસાફરોની સુરક્ષા અને રેલવેની વિશ્વસનીયતાનું પ્રતિક છે. આ સરાહનીય પ્રયાસોને પ્રેરણાત્મક માનવામાં આવે છે અને ભવિષ્યમાં પણ મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે આવા પ્રયત્નો સતત ચાલુ રહેશે.

# ભાવનગર મંડળ કચેરી ખાતે વિભાગીય રાજભાષા પ્રદર્શનનું આયોજન



રાજભાષા માહ – ૨૦૨૫ અંતર્ગત પશ્ચિમ રેલવે, ભાવનગર મંડળમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. તે જ ક્રમમાં તા. ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૫ (શુક્રવાર) ના રોજ રેલવે કોમ્યુનિટી હોલ, ભાવનગર પરા ખાતે વિભાગીય રાજભાષા પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું.

ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું હતું કે આ પ્રદર્શનમાં મંડળના ૧૩ વિભાગોએ સક્રિય રીતે ભાગ લીધો હતો, જ્યાં દરેક વિભાગે પોતાના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા રાજભાષા હિન્દીમાં કરવામાં આવતા કાર્યોનું પ્રદર્શન કર્યું. પ્રદર્શનનું ઉદ્ઘાટન મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્મા દ્વારા કરવામાં આવ્યું. આ અવસરે મંડળના અધિકારીઓ તથા કર્મચારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ પ્રદર્શનની પ્રશંસા કરતાં તમામ વિભાગોને વધુમાં વધુ કાર્ય હિન્દીમાં કરવા માટે પ્રેરિત કર્યા તેમજ સૌને અભિનંદન પાઠવ્યા. સાથે જ પ્રદર્શનના સફળ આયોજન માટે તેમણે હિન્દી વિભાગની પણ પ્રશંસા કરી.

રાજભાષા મહિના દરમિયાન અધિકારીઓ તથા કર્મચારીઓ માટે વિવિધ રસપ્રદ હિન્દી સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે, જેના કારણે રાજભાષા હિન્દીના પ્રયોગ અને સંવર્ધનને પ્રોત્સાહન મળશે.

### ખરવા-મોવાસા રસીકરણનો સાતમો તબક્કો આગામી તા. ૨૫ ઓક્ટોબર સુધી ચાલશે; ૧૬૯ લાખ પશુઓનું રસીકરણ થશે

# ગુજરાતના પશુઓમાંથી ખરવા-મોવાસા રોગ નામશેષ થવાના આરે; વર્ષ ૨૦૨૪-૨૫માં રાજ્યના એકપણ પશુમાં ખરવા મોવાસા જોવા મળ્યો નથી

**રાષ્ટ્રીય પશુરોગ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ છ તબક્કામાં ગુજરાતના કુલ ૯.૮૨ કરોડથી વધુ પશુઓને ખરવા-મોવાસાની રસી વિનામૂલ્યે અપાઈઃ અત્યાર સુધીમાં રાજ્યના કુલ ૨૬૯.૫૧ લાખથી વધુ પશુઓને ઈયર ટેગીંગ થકી આગવી ઓળખ અપાઈ**

ગુજરાતના પશુપાલકો વધુ આવક મેળવી આર્થિક સમૃદ્ધતા તરફ આગળ વધે અને સ્વનિર્ભર બને તે રાજ્ય સરકારની નેમ છે. રાજ્યમાં ગાય-ભેંસોની દૂધ ઉત્પાદકતા વધારવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન તેમજ પશુપાલન મંત્રી શ્રી રાઘવજી પટેલના દિશાનિર્દેશ હેઠળ રાજ્ય સરકારનો પશુપાલન પ્રભાગ સતત પ્રયત્નશીલ છે.

રાજ્યમાં પશુપાલન અને ડેરી વ્યવસાયને વેગ મળે તેવા ઉમદા હેતુસર પશુપાલકોને તેમના ગામમાં જ વિનામૂલ્યે પશુ સારવાર સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે પશુ દવાખાના અને ફરતા પશુ દવાખાનાની માળખાકીય સવલતોમાં ઉતરોત્તર વધારો કરવામાં આવી રહ્યો છે. સાથો-સાથ વિવિધ રોગ સામે પશુઓમાં રોગપ્રતિકારક શક્તિ જળવાઈ રહે તે માટે સમયાંતરે જરૂરી રસીકરણની કામગીરી પણ ઝુંબેશ સ્વરૂપે હાથ ધરી રાજ્યના પશુપાલકોની આવકમાં વધારો કરવાની દિશામાં પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

દૂધાળા પશુઓમાં ખાસ કરીને ખરવા-મોવાસા અને ચેપી ગર્ભપાત (બ્રુસેલ્લોસિસ) – આ બંને રોગમાં પશુઓમાં મૃત્યુ પ્રમાણ ખૂબ જ ઓછું જોવા મળે છે, પરંતુ અસરગ્રસ્ત પશુના દૂધ ઉત્પાદનમાં ખૂબ જ લાંબા સમય સુધી નોંધપાત્ર ઘટાડો જોવા મળે છે. જેથી આ બંને રોગ પશુપાલકને આર્થિક રીતે પાયમાલ કરનારા પૂરવાર થાય છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ ભારત સરકાર દ્વારા આ બંને રોગના અસરકારક નિયંત્રણ માટે મહત્વકાંક્ષી પગલા લેવામાં આવ્યા છે.

વર્ષ ૨૦૧૯માં દેશના વડાપ્રધાન તરીકે બીજી વાર શપથ લીધા બાદની પ્રથમ કેબિનેટ બેઠકમાં જ ભારત સરકારની ૧૦૦ ટકા સહાયથી રૂ. ૧૩,૩૪૩ કરોડની બજેટ જોગવાઈ સાથેનો "નેશનલ એનિમલ ડીસીઝ કંટ્રોલ પ્રોગ્રામ'' એટલે કે “રાષ્ટ્રીય પશુરોગ નિયંત્રણ કાર્યક્રમ''ને મંજૂરી આપવામાં આવી હતી. જે અંતર્ગત દેશના પશુઓને ખરવા-મોવાસા રોગ અને બૃસેલ્લોસિસ રોગ (ચેપી ગર્ભપાત રોગ) સામે રક્ષિત કરવા રસીકરણ અભિયાન હાથ ધરવામાં આવી રહ્યું છે.

ભારત સરકારના આ મહત્વકાંક્ષી કાર્યક્રમમાં રાજ્ય સરકાર પણ અસરકારક રીતે સહભાગી થઈ રહી છે. “રાષ્ટ્રીય પશુરોગ નિયંત્રણ કાર્યક્રમ'' અંતર્ગત ઈયર ટેગીંગ દ્વારા પશુધનને આગવી ઓળખ આપવાની કામગીરી ગુજરાત રાજ્યમાં મોટા પાયે હાથ ધરવામાં આવી છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૨૫૮ લાખ મોટા પશુઓ અને ૧૧.૫૧ લાખથી વધુ ઘેટાં-બકરા મળીને કુલ ૨૬૯.૫૧ લાખથી વધુ પશુઓને આગવી ઓળખ અપાઈ ચુકી છે. ઘેટાં-બકરાં વર્ગના પશુઓમાં પણ “ઈયર ટેગીંગ'' કરી ટોળાની નોંધણી ભારત પશુધન પોર્ટલ પર કરવામાં આવી રહી છે.

“રાષ્ટ્રીય પશુરોગ નિયંત્રણ કાર્યક્રમ'' અંતર્ગત ખરવા-મોવાસા રોગ સામે ગુજરાતમાં અત્યાર સુધીમાં છ રાઉન્ડમાં પશુઓનું વિનામૂલ્યે રસીકરણ કરવામાં આવ્યું છે. જેમાં રાજ્યના કુલ ૯.૮૨ કરોડથી વધુ પશુઓને ખારવા-મોવાસાની રસી આપીને રોગ સામે રક્ષિત કરાયા છે. તાજેતરમાં જ તા. ૧૧ સપ્ટેમ્બરથી સાતમાં રાઉન્ડનું આયોજન હાથ ધરવામાં આવી રહ્યું છે, જે આગામી તા. ૨૫ ઓક્ટોબર સુધી ચાલશે.

સાતમાં રાઉન્ડ માટે ભારત સરકાર તરફથી ગુજરાતને પ્રાપ્ત થયેલો રસીનો જથ્થો તમામ જિલ્લા કક્ષાએ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ કરાવવામાં આવ્યો છે.

આ સાતમાં રાઉન્ડ હેઠળ રાજ્યના ૧૬૯ લાખ પશુઓને રસીકરણ હેઠળ આવરી લેવાનું આયોજન કરવામાં આવ્યું છે.

તે જ રીતે પશુઓમાં થતા ચેપી ગર્ભપાત (બ્રુસેલ્લોસીસ) રોગને લીધે પશુપાલકોને થતા નુકશાનથી બચાવવા આ રોગનો રસીકરણ એ એકમાત્ર અસરકારક ઉપાય છે. બ્રુસેલ્લોસીસ રસી એ માત્ર ચારથી આઠ માસના ગાય અને ભેંસના બચ્ચાઓને જ આપવામાં આવે છે. બૃસેલ્લોસીસ એ કોઈ એક જાતિના પશુમાં જોવા મળતો રોગ નથી, આ રોગ મુખ્યત્વે ગાય અને ભેંસ વર્ગના મોટા પશુઓ, ઘેટાં-બકરાં વર્ગના નાના પશુઓ અને ભુંડમાં જેવા પશુઓમાં જોવા મળે છે. અત્યાર સુધીમાં બ્રુસેલ્લોસીસ રોગના ત્રણ તબક્કાના રસીકરણ અભિયાનમાં ગુજરાતના ૨૧.૮૬ લાખથી વધુ નાના પશુઓમાં રસીકરણ કરી તેમણે રક્ષિત કરવામાં આવ્યા છે.

રાજ્ય સરકારની સઘન પશુ રસીકરણની કામગીરીની ફલશ્રુતિરૂપે ગુજરાતના પશુઓમાંથી ખરવા-મોવાસા રોગ નામશેષ થવાના આરે આવ્યો છે. વર્ષ ૨૦૨૪-૨૫થી રાજ્યના કોઈપણ પશુમાં ખરવા મોવાસાનો રોગ જોવા મળ્યો નથી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી “રાષ્ટ્રીય પશુરોગ નિયંત્રણ કાર્યક્રમ'' અમલમાં આવ્યો તે પહેલાં એટલે કે વર્ષ ૨૦૧૮-૧૯માં ગુજરાતનું કુલ દૂધ ઉત્પાદન ૧૪૪.૯૨ લાખ મે.ટન હતું, જે આજે વધીને ૧૮૩ લાખ મે.ટનને પાર પહોંચ્યું છે, જે રાજ્યના અનેક પશુપાલકોના આર્થિક ઉત્થાનનું મુખ્ય કારણ બન્યું છે.

- નિતિન રથવી

# ગૃહમંત્રી હર્ષ સંઘવીના સુરત શહેરમાં હૃદય દ્રાવક કિસ્સો : ગરીબ શ્રમજીવી પરીવારની ૧૫ વર્ષીય સગીરાને ૧૦ દિવસમાં બે વાર વહેંચાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગૃહમંત્રીના કહેવાતા શહેર સુરતના લીંબાયત વિસ્તારમાં માનવ તસ્કરીનો એક અત્યંત ચોંકાવનારો અને દિલ દહોળી નાખે એવો કિસ્સો બહાર આવ્યો છે. ગરીબ શ્રમજીવી પરીવારની ૧૫ વર્ષીય સગીરાને નશાકારક પદાર્થો આપીને માત્ર ૧૦ દિવસની અંદર બે વખત વહેંચવામાં આવી હતી અને બળજબરી પૂર્વક બે અલગ અલગ લગ્ન કરાવવામાં આવ્યા હતા. આ સમગ્ર માનવ તસ્કરી નો પર્દાફાશ થતા પોલીસ હરકતમાં આવી ગઈ છે અને અત્યાર સુધીમાં ૩ આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા છે. જયારે ફરઝાના નામની મહિલા વોન્ટેડ છે.

સુરત શહેરના લીંબાયતના મીઠી ખાડી વિસ્તારમાં રહેતી આ સગીરાની માતા કેટેરીંગનુ કામ કરે છે જયારે પિતા લાંબા સમયથી બિમાર રહે છે, આ નબળાઈનો ફાયદો ઉઠાવી સગીરાની પડોશી નુરી વસીમ શેખ, તેનો પતિ વસીમ (રીક્ષા ચાલક) અને ફરઝાના નામની મહિલા ત્રિપુટીએ સગીરાની માતાને લાલચ આપી હતી કે તેઓ દિકરીને લસકાણામાં કેટેરીંગ કામે લઈ જશે, માતાને શંકા પણ ન આવી અને દિકરી થોડા દિવસમાં પાછી આવી જશે એ વિશ્વાસ રાખી મંજુરી આપી દીધી, પરંતુ હકીકતમાં આ એક ગોઠવાયેલુ કાવતરૂ હતુ, આરોપીઓએ સગીરાને લસકાણા લઈ જઈને સોયબ નામના વ્યકિત પાસે રાખી હતી. અહીં તેને દિવસમાં બે થી ત્રણ વાર કોરેકસ જેવી નશાકારક કફ શીરપ પીવડાવવામાં આવતી હતી જેથી તે ભાનમાં રહી ન શકે, નશાની આ હાલતમાં જ આરોપીઓએ તેની ઈચ્છા વિરૂધ્ધ સોયબ સાથે નિકાહ કરાવ્યા હતા અને બદલામાં ૫૦ હજાર રૂપીયાનો સોદો કર્યો હતો. ત્યારબાદ માત્ર ૧૦ દિવસ પછી આ ટોળકી ફરીથી સગીરાને મહારાષ્ટ્રના સોલાપુર લઈ ગઈ હતી, અહીં લગ્નમાં કેટેરીંગનુ કામ ચાલે છે તેવુ કહી બહાનુ બનાવવામાં આવ્યુ હતુ, વાસ્તવમાં આરોપીઓએ સગીરાને એક યુવકને ૨ લાખમાં વહેંચી નાખી હતી, અહીં તેના હિન્દુ રીતરીવાજ પ્રમાણે લગ્ન કરાવવામાં આવ્યા હતા.

સગીરા ૧૫ દિવસ સુધી ત્યાં રહી, દરમિયાન તેની સાથે દુષ્કર્મ આચરવામાં આવ્યુ હતું. નશાની હાલતમાંથી થોડા સમય માટે બહાર નિકળી, સગીરાએ પોતાની માતાને ફોન કરીને મદદ માંગી હતી, ફોન પણ તેણે આક્રંદ કરતા કહ્યુ કે અમ્મી મુજે સોલાપુર સે નિકાલો, મુજે ફરઝાનાને કીસી કો પૈસે લેકર બેચ દિયા હૈ,

માતાએ તાત્કાલીક પડોશી નુરી શેખનો સંપર્ક કર્યો હતો અને દિકરીને પાછી લાવવાની વિનંતી કરી હતી. અંતે આરોપીઓએ દબાણને કારણે સગીરાને સુરત પાછી લાવીને છોડી દીધી અને ભાગી ગયા હતા. ઘરે પરત ફર્યા બાદ સગીરાએ આખી હકીકત માતાને જણાવી હતી.

ઘટનાની ગંભીરતા સમજતા જ સગીરાની માતાએ પોલીસ નો સંપર્ક કર્યો હતો. આ અંગેની પોલીસને જાણ થતા ડીસીપી ડો. કાનન દેસાઈ લીંબાયત પોલીસ મથકે દોડી આવ્યા હતા અને ઝડપી કાર્યવાહી કરવા આદેશો આપ્યા હતા. પોલીસે તાત્કાલીક નુરી વસીમ શેખ સહિત ત્રણ આરોપીઓને ઝડપી લીધા હતા, જયારે મેઈન સુત્રધાર ફરઝાના નામની મહિલા હજુ વોન્ટેડ છે.

આ બનાવે સુરત શહેરમાં ચકચાર મચાવી દીધી છે. કિશોરીઓ અને ગરીબ પરીવારોને લલચાવી નશાની પકડમાં લઈ માનવ તસ્કરી ના ભોગ બનાવવાની પ્રવૃત્તિ સામે પોલીસ હવે કડક અભિયાન ચલાવશે તેવી ચર્ચાએ જોર પકડયુ છે.

# ચંડોળા તળાવનો માથાભારે ઈસમ આરોપી લલ્લા બિહારીના શરતી જામીન મંજુર

પ્રતિનિધિ,ગાંધીનગર



ચંડોળા તળાવની આસપાસ સરકારી જમીન પર ગેરકાયદેસર રીતે રહેણાંક અને વાણીજયક મિલ્કતો બનાવવા અને ભાડુ વસુલવાના આરોપી લલ્લા બિહારી ઉર્ફે મહમુદ પઠાણ ને ગુજરાત હાઈકોર્ટે શરતી જામીન આપ્યા છે. આ કેસ ડીસીબી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલો હતો અને હવે હાઈકોર્ટના નિર્ણયથી આ મામલામાં નવો વળાંક આવ્યો છે.

અમદાવાદના દક્ષિણ ભાગમાં સ્થિત એક મહત્વપૂર્ણ જળાશય ચંડોળા તળાવ ઉપર ગેરકાયદેસર અતિક્રમણ કરી આરોપી લલ્લા બિહારી વેશ્યાવૃત્તિનો ધંધો કરાવતો હતો. આ કેસમાં આરોપી લલ્લા બિહારી પર સરકારી જમીન પર ગેરકાયદેસર રીતે રહેણાંક અને વાણીજયક મિલ્કતો બનાવવાનો આરોપ હતો. પોલીસ તપાસમાં એ પણ બહાર આવ્યુ છે કે તેણે આ મિલ્કતો ભાડે આપી હતી અને નોધપાત્ર ભાડુ વસુલ્યુ હતુ, આ ગેરકાયદેસર પ્રવૃત્તિઓને કારણે ડીસીબી પોલીસે તેની સામે કેસ નોંધ્યો હતો. ગુજરાત હાઈકોર્ટે લલ્લા બિહારીને રૂપીયા ૧૦ હજાર ના વ્યકિતગત બોન્ડ અને જામીન પર જામીન આપ્યા હતા. જો કે કોર્ટે આરોપીને કેટલીક કડક શરતોનુ પાલન કરવાનો આદેશ આપ્યો હતો. આરોપીએ કેસ સાથે સંકળાયેલા કોઈપણ સાક્ષીઓને ડરાવવા કે ઉશ્કેરવા નુ ટાળવુ જોઈએ. તેણે આગામી ૬ મહિના સુધી મહિનામાં એકવાર સંબંધીત પોલીસ સ્ટેશનમાં હાજર રહેવુ પડશે. આરોપીએ તેની બધી સંપત્તિની વિગતો આપતુ સોગંદનામુ કોર્ટમાં રજુ કરવુ જોઈએ. આરોપીએ પોતાનો પાસપોર્ટ કોર્ટમાં સોંપવો જોઈએ અથવા જો તેની પાસે પાસપોર્ટ ન હોય તો તે અંગેનુ સોગંદનામુ રજુ કરવુ જોઈએ.

આરોપીએ રાજય અથવા દેશની બહાર મુસાફરી કરવા માટે હાઈકોર્ટની પૂર્વ પરવાનગી મેળવવી પડશે, જો આરોપી આ શરતોનુ ઉલ્લંઘન કરે છે તો નીચલી કોર્ટને તેની સામે વોરન્ટ જારી કરવાનો સંપૂર્ણ અધિકાર આપવામાં આવ્યો છે. ચંડોળા તળાવની આસપાસ સરકારી જમીન પર ગેરકાયદેસર અતિક્રમણનો મુદ્દો લાંબા સમયથી ચર્ચામાં છે. આવા દબાણ શહેરના પર્યાવરણ અને જાહેર સંશાધનોના રક્ષણ માટે ગંભીર પડકાર ઉભો કરે છે.

### લાંબા સમય બાદ પ્રદિપસિંહ જાડેજા કમલમના મંચ પર દેખાયા : રાજકીય વનવાસ પુરો થયાના સંકેત

# ગાંધીનગર કમલમમાં ભાજપની પ્રેસ કોન્ફરન્સ યોજાઈ : મંત્રી મંડળના વિસ્તરણનો સવાલ પુછતાજ સી આર પાટીલે ચાલતી પકડી

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ગાંધીનગર કમલમ ખાતે આજે શુક્રવારે ભાજપની પ્રેસ કોન્ફરન્સનુ આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં તેમણે આત્મનિર્ભર ભારત અને જીએસટીમાં જે નવા દર લાગુ પાડવામાં આવ્યા તેના પર વાત કરી હતી. આ પ્રેસ કોન્ફરન્સમાં પ્રદેશ ભાજપ પ્રમુખ સીઆર પાટીલ, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, પ્રદિપસિંહ જાડેજા, રજની પટેલ અને યજ્ઞેશ દવે હાજર રહ્યા હતા અને તે સમયે મીડીયા દ્વારા એક પ્રશ્ન પુછવામાં આવ્યો કે મંત્રી મંડળનુ વિસ્તરણ કયારે કરવામાં આવશે, ઘણા સમયથી આ મામલે ચર્ચાઓ ચાલી રહી છે. ત્યારે આવા સમયે પ્રદેશ ભાજપ પ્રમુખ સી આર પાટીલે જવાબ આપવાનુ ટાળ્યુ હતું અને અચાનક ઉભા થઈ અને હસતા હસતા કહ્યુ કે તમને પુછયા વગર આનો નિર્ણય નહી કરીએ એવુ કહી તેઓ જતા રહ્યા હતા, હવે આ મંત્રી મંડળની ચર્ચાઓ વચ્ચે હવે ભાજપ તરફથી પણ આ મામલે કોઈ જ જવાબ આપવામાં આવી રહ્યો નથી ત્યારે હવે નવા પ્રદેશ પ્રમુખની જાહેરાત અને મંત્રી મંડળનુ વિસ્તરણ કયારે થાય છે તે જોવાનુ રહ્યું.




ગુજરાતમાં એક તરફ નવા પ્રદેશ પ્રમુખ અંગે ચર્ચા છે તે સમયે લાંબા સમય બાદ પૂર્વ ગૃહરાજય મંત્રી પ્રદિપસિંહ જાડેજા કમલમમાં ભાજપના મંચ પર દેખાયા હતા, અગાઉ રૂપાણી સહિતની સરકારમાં મહત્વની ભુમિકા ભજવનાર જાડેજાને જો કે ૨૦૨૨ ની વિધાનસભા ચુંટણીમાં ટીકીટ પણ આપવામાં આવી ન હતી અને બાદમાં તેઓ ભાગ્યે જ જાહેરમાં દેખાયા હતા. પણ હવે આજે તેઓ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલની હાજરીમાં મંચ પર જોવા મળ્યા હતા.

પક્ષ દ્વારા જે સ્વદેશી અભિયાન શરૂ કરાયુ છે તેના કન્વીનર તરીકે પ્રદિપસિંહ જાડેજાને જવાબદારી સોંપાઈ છે. અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે પક્ષના નવા પ્રદેશ પ્રમુખ માં પ્રદિપસિંહ જાડેજાનુ નામ પણ ચર્ચાઈ રહ્યુ છે. હવે એ પણ ચર્ચા છે કે જે રીતે ભાજપના ડીસેમ્બર સુધીના કાર્યક્રમો નિશ્ચિત થઈ ગયા છે તેથી નવા પ્રદેશ પ્રમુખની વરસી પણ પાછી ઠેલાઈ શકે છે.

# દિવાળીના તહેવાર અંતર્ગત ખાંડ, મીઠુ અને ખાદ્ય તેલની રાશનની દુકાનોમાં ૧૦૦ ટકા ફાળવણી કરાઈ : ૨૯ સપ્ટે. સુધીમાં ચલણના પૈસા ભરી દેવા સંચાલકોને અપાઈ સુચના

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજય સરકાર દ્વારા ઓકટોબર ૨૦૨૫ માટે વ્યાજબી ભાવની દુકાનોને અપાતા જથ્થાની પરમીટ જાહેર કરવામાં આવી છે. જેમાં ઓકટોબર ૨૦૨૫ માટે ખાંડની ૧૦૦ ટકા (નિયમિત / તહેવાર) ફાળવણી કરવામાં આવી છે. મીઠાની ૧૦૦ ટકા ફાળવણી થઈ છે. જેમાં દુકાનદારો ૫૦ ટકાથી ૧૦૦ ટકા સુધી પોતાની જરૂરીયાત મુજબ ચલણ ભરી શકશે.



તુવેરદાળની માત્ર ૫૦ ટકા ફાળવણી કરવામાં આવી છે. ચણાની ૧૦૦ ટકા ફાળવણી કરવામાં આવી છે. દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને ખાદ્ય તેલની ૧૦૦ ટકા ફાળવણી કરવામાં આવી છે. આ પરમીટ માટે દુકાનદારોએ ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધીમાં ચલણના પૈસા ભરી દેવા ફરજીયાત છે. જો કે દુકાનદારોના મહેનતાણાં અંગે કોઈ તારીખ નકકી કરવામાં આવી નથી. આ વખતે વન નેશન વન રેશનકાર્ડ યોજના હેઠળ, નિયમિત અને પોર્ટીબીલીટી પરમીટનુ ચલણ એક સાથે જ જનરેટ અને ભરવાનુ રહેશે. આ પરમીટ તા. ૨૩ થી ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૫ દરમિયાન જ જનરેટ કરી શકાશે અને તેના નાણાં પણ આ સમય મર્યાદામાં જ ભરવાના રહેશે. કેન્દ્રના અનાજની ૫ ટકા ફાળવણી ફરજીયાત કરી દેવામાં આવી છે. આના કારણે ઘણા દુકાનદારોમાં નારાજગી જોવા મળી રહી છે. કારણ કે જો તેમને આ અનાજ ન જોઈતુ હોય તો પણ ફરજીયાત લેવુ પડશે આ ઉપરાંત જે દુકાનદારોને ૫ ટકાથી વધુ અનાજ જોઈતુ હોય, તેમને મળી શકશે નહી. જેના કારણે પણ મુશ્કેલીઓ વધી છે.

# જેલમાંથી છુટયા બાદ પ્રથમ વખત ચૈતર વસાવા પહોંચ્યા એટીવીટી ની બેઠકમાં: બેઠકમાં પહોચ્યા પહેલા જ બધા કાચના ગ્લાસ હટાવવાની આપી દીધી સુચના

પ્રતિનિધિ,ગાંધીનગર

ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા બે મહિનાથી વધુ સમય સુધી જેલમાં હતા. બે દિવસ પહેલા જ તેઓ જેલ બહાર આવ્યા છે અને હવે ફરી તેઓ પોતાના કામોમાં વ્યસ્ત જોવા મળી રહ્યા છે. ત્યારે આજે શુક્રવારે ચૈતર વસાવા નર્મદા કલેકટર કચેરી પહોચ્યા હતા અને ફરી એકવખત તેઓ એટીવીટીની બેઠકમાં પહોચ્યા હતા. જે બેઠકમાં થોડા સમય અગાઉ બબાલ થઈ હતી અને તેમની ધરપકડ કરવામાં આવી હતી.

આ સાથે જ હવે ફરી એકવાર ચૈતર વસાવા એટીવીટીની બેઠકમાં પહોચ્યા પણ તેમણે જે કહ્યુ તે ખુબ ચર્ચાનો વિષય છે. ચૈતર વસાવાએ બેઠક પહેલા જ કહી દીધુ કે ટેબલ પર પડેલ તમામ કાચના ગ્લાસ, પાણી બોટલ હટાવી દેજો, સાથે જ બધા સીસીટીવી કેમેરામાં ચેક કરી લ્યો કે બધામાં બરોબર રેકોર્ડીંગ ચાલે છે ને, અને જો તેમાં ન થતુ હોય તો કોઈ મીડીયાના મિત્રોને અહીં હાજર રાખો અને રેકોર્ડીંગ કરાવો કારણ કે વાત કંઈ ન હોય છતાં ચૈતર વસાવાને જેલમાં જવુ પડે છે અને પ્રજાના કામો અટકી પડે છે.



# સ્વચ્છતા મામલે નિષ્ફળ ગયેલી ૬ નગરપાલિકાઓને અલગ અલગ કોર્પોરેશનો સ્વચ્છતા પાઠ ભણાવશે

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજય સરકારે ગુજરાતના નાના શહેરોથી લઈ નગરો અને મોટા શહેરોમાં જાહેર સ્વચ્છતા ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. જેના માટે સુરત, ગાંધીનગર, અમદાવાદ અને વડોદરા મહાનગરપાલિકા રાજયની ૨૦ નગરપાલિકાઓને સ્વચ્છતા પાઠ ભણાવવા જઈ રહી છે. નગરપાલિકાઓને ફરજીયાત ૧૦૦ દિવસ ઓનલાઈન માર્ગદર્શન આપવાનુ નકકી કરવામાં આવ્યુ છે. કચરાનુ વ્યવસ્થાપન અને વપરાયેલા પાણીના નિકાલ સહિતનુ માર્ગદર્શન આપશે.




રાજયના મહાનગરોમાં જોવા મળતી સ્વચ્છતા ગુજરાતના નાના શહેરો સુધી પહોચ તે માટે સરકારે ૪ મહાનગરપાલિકાઓને વિશેષ જવાબદારી સોંપી છે. ચારેય મહાનગરપાલિકાઓ દ્વારા અલગ અલગ ૮ બાબતો ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે. સરકાર દ્વારા નકકી થયેલી ૨૦ નગરપાલિકાઓને ૪ મહાનગરપાલિકા અંતર્ગત અલગ અલગ ઝોનમાં વહેચી દેવામાં આવી છે. આ ચારેય મહાનગરપાલિકા લાગ લગાટ ૧૦૦ દિવસ સુધી સ્વચ્છતાલક્ષી નગરપાલિકાઓને અભિગમ કેવી રીતે કેળવાય તેના પાઠ ભણાવશે. જેમાં સુરત મહાનગરપાલિકા માંડવી, પાલીતાણા, વલ્લભીપુર , ચલાલા અને સાવરકુંડલા નગરપાલિકાને સ્વચ્છતા ના પાઠ ભણાવશે. જયારે ગાંધીનગર મહાનગરપાલિકા વડનગર, જામ જોધપુર, માલીયા મીયાણા, કુતીયાણા અને સીકકા નગરપાલિકાઓને સ્વચ્છતાના પાઠ ભણાવશે. તો બીજી તરફ અમદાવાદ મહાનગરપાલિકા સાણંદ, વાંકાનેર, સલાયા, મુંદ્રાબારોઈ, રાણાવાવ સહિતની નગરપાલિકાઓને સ્વચ્છતાના પાઠ ભણાવશે , તો બીજી વડોદરા મહાનગરપાલિકા સાવલી, લીંબડી, શિહોર, સુરેન્દ્રનગર અને જામરાવલ નગરપાલિકાઓને સ્વચ્છતાના પાઠ ભણાવશે.

જાહેર પર્યટન સ્થળો અને બજારમાં એકત્રીત થતા વેસ્ટનો કેવી રીતે નિકાલ કરવો ? કચરાને કેવી રીતે અલગ કરી શકાય ? સોલીડવેસ્ટનુ વ્યવસ્થાપન વૈજ્ઞાનિક ઢબે કેવી રીતે કરી શકાય ? જાહેર શૌચાલયની સ્વચ્છતા ? વપરાયેલા પાણીનો નિકાલ કેવી રીતો કરવો ? લોકોમાં જનજાગૃતિ કેવી રીતે લાવી શકાય, તે સહિત નિયમિત આરોગ્યલક્ષી તપાસ ઉપર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે.

# સરકારી તંત્રથી ભાજપના ધારાસભ્યો કંટાળ્યા : ધારાસભ્યો તંત્રની તુમારશાહી થી અકળાયા : શિસ્તના ઉડયા લીરેલીરા

પ્રતિનિધિ,ગાંધીનગર

સરકારી તંત્રની તુમારશાહી એટલી બધી વધી ગઈ છે કે અમલદારશાહી ફકત કોર્પોરેટરો જ નહી ધારાસભ્યો અને સાંસદોને પણ ગાંઠતી નથી, સરકારી અધિકારીઓ જાણે તંત્રના બાપ થઈને બેઠા હોય તે રીતે વર્તે છે અને તેમાં પ્રજાકીય કામો થતા ન હોવાથી કોર્પોરેટરો અને ધારાસભ્યો તથા સાંસદોનો ખો નિકળી રહ્યો છે.



પ્રજા બુમ પાડી રહી છે અને તંત્રની નિષ્ફળતાના કારણે રીતસર કોર્પોરેટરો, ધારાસભ્યો અને સાંસદોના દરવાજા ખટખટાવી રહી છે. ત્યારે તેઓએ પણ પ્રજાનો અવાજ બનવાની ફરજ પડી છે. મને કહો કે કમ ને તેમણે પણ તેમની જ સરકાર હોવા છતાં પણ પ્રજાલક્ષી કામો થતા નથી તેવુ ખોખારીને કહેવુ પડયુ છે. શિસ્તભંગના ઓથા હેઠળ હવે આ બધાને ચુપ રાખી શકાશે નહી. તે સ્પષ્ટ થઈ ગઈ છે. આજે વહિવટી તંત્રથી પ્રજા ત્રસ્ત થઈ ગઈ હતી. તુટેલા રોડ જાણે તંત્રના તુટેલા ઈરાદા બતાવે છે. હવે કોઈપણ સમજી શકે છે કે વર્ષમાં તો રોડ કઈ રીતે તુટી જાય, આજે તુટેલો રોડનો પ્રશ્ન એટલો ગંભીર બન્યો છે કે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવવુ પડયુ કે ભાઈ કોન્ટ્રાકટર પાસેથી જવાબ માંગો કે એક જ વરસમાં રોડ કેવી રીતે તુટી ગયો, કોઈપણ રોડ બનાવવાની ગેરંટી હોય છે, આ રસ્તા તેના ગેરંટી પીરીયડ પહેલા કેવી રીતે તુટી ગયા તેનો જવાબ માંગવામાં આવે તેવુ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યુ હતું.

એક પછી એક ધારાસભ્ય પક્ષના નિયમો અને શિસ્તને બાજુએ મુકીને સરકારને સવાલ પુછી રહ્યા છે કે અમારા વિસ્તારની તકલીફોનો અંત લાવો , દરેક ધારાસભ્ય તેના વિસ્તારના પ્રશ્નોની આક્રમક રીતે રજુઆત કરી રહ્યો છે, તેના લીધે એવુ લાગે છે કે આ ધારાસભ્ય સત્તાધારી પક્ષનો ધારાસભ્ય છે કે વિપક્ષનો ધારાસભ્ય છે. પક્ષના જ ધારાસભ્યો સરકાર પોતે નિષ્ક્રિય છે તે દર્શાવતા પત્રો પણ લખી ચુકયા છે અને હવે તો આ વાત છેડેચોક ચર્ચાવવા લાગી છે, પક્ષના જ ધારાસભ્ય યોગેશ પટેલે આક્રોશ વ્યકત કર્યો હતો કે જિલ્લા કલેકટરની ઓફીસો ભ્રષ્ટાચારનો ગઢ બની ગઈ છે. રૂપીયા વગર કામ થતુ નથી, સરકારનો તો જાણે તેના પર કોઈ અંકુશ જ નથી. તેમ આ કચેરીઓ વર્તી રહી છે. જયારે સુરતના ધારાસભ્ય કિશોર કાનાણીએ જણાવ્યુ હતુ કે વરસોથી રજુઆત કરી કરીને થાકી ગયા છતાં પણ સુરતના ખાડીપુરની સમસ્યાનો ઉકેલ આવ્યો નથી. હવે જો તંત્ર તેના પર કાર્યવાહી નહી કરે તો મારે પોતે જ મારી સરકાર વિરૂધ્ધ આંદોલન કરવુ પડશે. આ ઉપરાંત કિશોર કાનાણી વારંવાર લેટર બોમ્બ ફોડતા રહ્યા છે. અન્ય ધારાસભ્ય અમુલ ભટ્ટે દાવો કર્યો છે કે ટ્રાફીક પોલીસ મહિલાઓ સાથે અભદ્ર વર્તન કરે છે. તેઓ આના પુરાવા આપવા પણ તૈયાર છે. જયારે હાર્દિક પટેલે તો જણાવી જ દીધુ કે ગટરની સમસ્યાનો અંત નહી આવ્યો તો મારે પોતે ફરી પાછુ આંદોલન કરવુ પડશે. જનક તળાવીયાનુ કહેવુ છે કે દામનગરમાં જુગારધામ પોલીસ સ્ટેશનથી માંડ ૨૦૦ મીટર દુર છે પરંતુ જુગારી અને પોલીસ બંને મસ્ત છે, જયારે પ્રજા ત્રસ્ત છે. આ સિવાય માણાવદરના ધારાસભ્ય અરવિંદ લાડાણીએ જણાવ્યુ હતુ કે અહીં તો હરતી ફરતી જુગારની કલબો ધમધમે છે. પોલીસને મહિને હપ્તા પેટે હજારો રૂપીયા મળી જાય છે, જયારે મનુભાઈ પટેલે જણાવ્યુ હતુ કે ગરીબ કારીગરો પાસેથી લુંટાળાઓ તેમની આકરી મહેનતના રૂપીયા લુંટી જાય છે. આ સિવાય જે વી કાકડીયા અને હીરા સોલંકીએ સિંહો અને બાળ સિંહોના મૃત્યુ માટે વનવિભાગના અધિકારીઓને દોષીત ઠેરવ્યા હતા.

આ બતાવે છે કે તંત્રની તુમારશાહી અને અમલદારશાહીથી પ્રજા તો ઠીક પણ ભાજપના ધારાસભ્યો અને સાંસદો પણ તોબા તોબા પોકારી ઉઠયા છે. મનુભાઈ પટેલ જેવા ધારાસભ્યએ જણાવ્યુ છે કે ગરીબો પાસેથી લુંટારાઓ રૂપીયા છીનવી જાય છે. પરંતુ તંત્રના પેટનુ પાણી હાલતુ નથી, ધારાસભ્યોના આ પ્રકારના આકરા વેણ અને બળાપા સામે સરકાર પણ કશુ કરી શકે તેમ નથી. કારણ કે તે જાણે છે કે તેમની વાત સાચી છે. તંત્રની બેપરવાહી અને નિષ્કાળજીના કારણે ધારાસભ્યો બેલગામ થવા લાગ્યા છે. છેલ્લા કેટલાક સમયમાં પાંચેય ઝોનમાં થયેલી લેટરવોર ધારાસભ્યોની આ પ્રકારની બેબાકીનુ જ પરીણામ છે. હજુ પણ લેટરવોર અટકી ગઈ છે. તેમ માની ન શકાય, પક્ષને ચિંતા છે કે આ જ રીતે ચાલુત જ રહ્યુ તો પક્ષના ધારાસભ્યો કોઈપણ પ્રકારની ધારામાં જ નહી રહે.

# ભાજપ ધારાસભ્ય પ્રવિણ ઘોઘારી વિવાદમાં સપડાયા : જમીન કૌભાંડ માં બોગસ બનાવટી સહી કરી કરોડો રૂપીયાની જમીન પચાવી પાડવાનો આરોપ

પ્રતિનિધિ,ગાંધીનગર

સુરતના ભાજપના ધારાસભ્ય પ્રવિણ ઘોઘારી જમીન કૌભાંડમાં સપડાયા હોવાનુ બહાર આવ્યુ છે. ગોડાદરામાં કરોડો રૂપીયાની જમીનના કૌભાંડમાં તેમની સામે કોર્ટે વધુ તપાસના આદેશ આપ્યા છે. તેમના પર બનાવટી બોગસ સહી કરીને જમીન પચાવી પાડવાનો આરોપ છે. અગાઉ સીઆઈડીએ ધારાસભ્ય પ્રવિણ ઘોઘારી વિરૂધ્ધ સી સમરી દાખલ કરી હતી. જેના વિરોધમાં ફરીયાદીએ કોર્ટમાં અરજી કરી હતી. કોર્ટે આ અરજી મંજુર કરીને પ્રવિણ ઘોઘારી વિરૂધ્ધ ફરીથી તપાસ કરવાનો આદેશ આપ્યો છે.




સુરતમાં ભાજપના ધારાસભ્ય પ્રવિણ ઘોઘારી વિવાદમાં આવ્યા છે, કારણ કે તેમના પર ગોડાદરા વિસ્તારમાં આવેલી એક જમીનમાં બોગસ બનાવટી સહી કરીને તેને પચાવી પાડવાનો આરોપ છે. ફરીયાદીએ સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચમાં ફરીયાદ નોંધાવી હતી. પરંતુ સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓએ ધારાસભ્ય હોવાના કારણે કોર્ટમાં સી સમરી ભરી હતી. ત્યારબાદ ફરીયાદીએ કોર્ટમાં લડત ચલાવી અને કોર્ટે ધારાસભ્ય વિરૂધ્ધ વધુ તપાસના આદેશ આપ્યા છે.

હવે જોવાનુ રહ્યુ કે સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચ આ કેસમાં કેવી રીતે તપાસ કરે છે, કારણ કે અગાઉ સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચે જ ધારાસભ્ય વિરૂધ્ધ સી સમરી દાખલ કરી હતી. ગોડાદરામાં આવેલી કરોડો રૂપીયાની જમીનમાં બોગસ બનાવટી સહી કરીને પચાવી પાડવાનો આરોપ ભાજપના ધારાસભ્ય પર લાગ્યો છે. ફરીયાદીની અરજીમાં પોલીસે કેટલાક દસ્તાવેજો રજુ કર્યા હતા અને તેના આધારે તપાસ પણ થઈ હતી. ફરીયાદીએ ૧૪ જેટલા આરોપીઓ વિરૂધ્ધ ગુન્હો નોધાવ્યો છે. સુરત ક્રાઈમ બ્રાન્ચ હવે ધારાસભ્ય સહિત અન્ય લોકોની પુછપરછ કરી શકે છે અને દસ્તાવેજોની ખરાઈ પણ કરી શકે છે. આ જમીન પચાવી પાડવાના કેસમાં હાઈકોર્ટે પણ તપાસ માટે મંજુરી આપી દીધી છે.